dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 25 | AD - 2024, Aaso Vad -09 | Friday, Dt.25-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00







## ૧૦૦ થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, આજે અંદાજે ૩૦૦ ફ્લાઈટ રદ કરવામાં આવી

# ‘દાના’ વાવાઝોડું પં.બંગાળ-ઓરિસ્સાના દરિયાકિનારે ટકરાયું

ભુવનેશ્વર,તા.૨૪

બંગાળની ખાડીમાંથી સર્જાયેલું ચક્રવાતી વાવાઝોડું ’દાના’ આજે મોડીરાત્રે ૨ વાગ્યે ઓડિશાના દરિયાકાંઠે ટકરાયું હતું. વાવાઝોડાની અસર પશ્ચિમ બંગાળ પર પણ થશે. હાલમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ઓડિશાના ભદ્રકમાં ગુરુવારે સવારથી વરસાદ શરૂ થયો હતો. આ વાવાઝોડાની સૌથી વધુ અસર ઓડિશા અને પશ્ચિમ બંગાળ પર થશે. ભુવનેશ્વર હવામાન કેન્દ્ર અનુસાર આ વાવાઝોડું ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઓડિશાના ઉત્તરીય ભાગમાંથી પસાર થશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૦ સેમી વરસાદ પડી શકે છે. ભદ્રક, કેન્દ્રપરા સહિત કેટલાંક સ્થળોએ ૧૨ ઈંચ જેટલો વરસાદ પડી શકે છે. ઓડિશાના ૧૪ જિલ્લામાં ૧૦ લાખ લોકોને ખસેડવામાં આવ્યા છે. ભુવનેશ્વર અને કોલકાતા એરપોર્ટ પર ગુરુવારે સાંજે ૫ વાગ્યાથી ૨૫ ઓક્ટોબરના રોજ સવારે ૯ વાગ્યા સુધી ૧૬ કલાક લગભગ ૩૦૦



ફ્લાઈટ્સ કેન્સલ રહેશે. અહીં સાઉથ ઈસ્ટ રેલવેએ ૧૫૦ ટ્રેન, ઈસ્ટ કોસ્ટ રેલવેએ ૧૯૮ ટ્રેન, ઈસ્ટર્ન રેલવેએ ૧૯૦ ટ્રેન અને સાઉથ ઈસ્ટ સેન્ટ્રલ રેલવેએ ૧૪ ટ્રેન કેન્સલ કરી છે. કુલ ૫૫૨ ટ્રેન રદ કરવામાં આવી છે. ઓડિશાના ૧૪ જિલ્લામાં ૨૫ ઓક્ટોબર સુધી શાળા-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. આ જિલ્લાના ૧૦ લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. તમામ ટૂરિઝમ પાર્ક, ઓડિશા હાઈકોર્ટને ૨૫ ઓક્ટોબર સુધી બંધ કરી દેવામાં આવ્યાં છે. ઓડિશાએ NDRF, ODRF અને ફાયરબ્રિગેડની ૨૮૮ ટીમ તહેનાત કરી છે. ચક્રવાત દાના પર ઈસ્ટ કોસ્ટ રેલવેના જનરલ મેનેજર પરમેશ્વર ફુંકવાલે કહ્યું, ઈસ્ટ કોસ્ટ રેલવે ચક્રવાતનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે ઈસ્ટ કોસ્ટ રેલવે અને દક્ષિણ-પૂર્વ રેલવેના જનરલ મેનેજર સાથે મુલાકાત કરી સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો. પૂર્વ તટ રેલવે અને દક્ષિણ-પૂર્વ રેલવે બંનેએ સારી તૈયારીઓ કરી છે અને અમે ત્યાં અમારી ઈમરજન્સી રિસ્પોન્સ ટીમો તૈનાત કરી રહ્યા છીએ. ચક્રવાતથી પ્રભાવિત વિસ્તારમાં કોઈ પેસેન્જર ટ્રેન દોડશે નહીં. ચક્રવાત દાના ઓડિશાના દરિયાકાંઠે ટકરાયું હોવાથી, સત્તાવાળાઓએ ભક્તોને પુરીના પ્રખ્યાત જગન્નાથ મંદિરની મુલાકાત ન લેવાની સલાહ આપી છે. આ મંદિર પર આફતની અસર ઓછી કરવા તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે.







## મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે બેઠક યોજાઈ

# જમ્મુ-કાશ્મીરને ફરી પાછો રાજયનો દરજ્જો મળે તેવી સંભાવના

ન્યુ દિલ્હી, તા.૨૪

જમ્મુ-કાશ્મીરને ટૂંક સમયમાં ફરી પાછો રાજ્યનો દરજ્જો મળી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ મુદ્દે કામગીરી શરૂ થઈ શકે છે. જો કે, સત્તાવાર જાહેરાત થઈ નથી. બુધવારે સાંજે દિલ્હીમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે મોટી બેઠક યોજાઈ હતી. સરકાર બનાવ્યા બાદની પ્રથમ બેઠકમાં જ એનસી સરકારે રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો ઠરાવ રજૂ કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર,



કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે. અડધો કલાક સુધી ચાલનારી આ બેઠક સકારાત્મક રહી હતી. ગૃહમંત્રી અમિત શાહે રાજ્યનો દરજ્જો આપવાની કામગીરી શરૂ કરવાની ખાતરી આપી છે. જેનો સંકેત ઓમર અબ્દુલ્લાએ પણ આપ્યો છે. ઓમર અબ્દુલાએ આ બેઠક બાદ નિવેદન આપ્યું હતું કે, આ એક શિષ્ટાચારની ભેટ હતી. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રીને જમ્મુ-કાશ્મીરની સ્થિતિ વિશે માહિતી આપવામાં આવી અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા મુદ્દે ચર્ચા કરી. જમ્મુ-કાશ્મીરને ૨૦૧૯માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યુ હતું. જેથી તેનું પોલીસ બળ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકાર ક્ષેત્રમાં છે. દિલ્હીમાં પોતાના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રી અબ્દુલ્લા અનેક કેન્દ્રીય મંત્રીઓને મળશે તેમજ તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ મુલાકાત કરે તેવી સંભાવના છે. હાલમાં જ યોજાયેલી બેઠકમાં નાયબ રાજ્યપાલ મનોજ સિંહાએ અબ્દુલ્લા મંત્રીમંડળના રાજ્યનો દરજ્જો પાછો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. જેની અંતિમ મંજૂરી કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવશે. રાજ્યનો દરજ્જો આપવા મામલે મોટાભાગના મંત્રીઓએ સહમતી દર્શાવી છે.






## એકસાથે ૮૫ વિમાનોને ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ

મુંબઈ,તા.૨૪

વિમાનોને બોમ્બથી ઉડાવવાની ધમકીઓ અટકવાનું નામ નથી લઈ રહી. હવે ૮૫ વિમાનોને ઉડાવવાની ધમકી મળી છે. તેમાં એર ઈન્ડિયાના ૨૦ વિમાન સામેલ છે. જે વિમાનોને ધમકી મળી છે, તેમાં ૨૦ ઈન્ડિગો, ૨૦ વિસ્તારા અને ૨૫ અકાસા એરની ફ્લાઈટ્સ સામેલ છે. ન્યૂઝ એજન્સીના અનુસાર, આ પહેલા દિલ્હી પોલીસ દ્વારા છેલ્લા આઠ દિવસમાં ૯૦થી વધુ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીના મામલે આઠ અલગ-અલગ ફરિયાદ દાખલ કરાઈ છે. જે ફ્લાઈટ્સને ધમકી મળી છે, તેમાં અકાસા, એર ઈન્ડિયા, ઈન્ડિગો અને વિસ્તારાની સેવાઓ સામેલ છે. આ ફ્લાઈટ દિલ્હીથી અલગ અલગ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ સેવાઓ માટે સંચાલિત થાય છે. પોલીસનું કહેવું છે કે, આ કેસમાં તપાસ ચાલી રહી છે.













# પગાર મામલે બગસરાના સફાઈ કામદારોનો પાલિકાને ઘેરાવ

બગસરા, તા.૨૪

બગસરા પાલિકા દ્વારા સફાઈ કામદારો પ્રત્યે અભાવો હોય તેમ ઘણા સમયથી પગારના પ્રશ્નને લઈને અનેકવાર સફાઈ કામદારો સાથે અણમાનીતુ વર્તન કરવામાં આવે છે અને જેના કારણે ઘણીવાર આંદોલનો કરવામાં આવ્યા છે. જયારે જયારે આંદોલનો કરવામાં આવે છે ત્યારે જ સત્તાધીશોની આંખો ખુલે છે. જયારે આજે ફરીવાર સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો હતો અને છેલ્લી વખત આવેદન આપવામાં આવ્યું હતું. અગાઉ આંદોલન દરમિયાન ૧૯/૬ના રોજ સફાઈ કામદારોના ૧૫ જેટલાં પ્રશ્નનું સમાધાન કરવામાં આવ્યું હતું. જો પગાર અને બોનસ ચુકવવામાં નહી આવે તો તા. ૨૬થી હડતાલની ચીમકી આપવામાં આવી છે.


તસવીર : હાર્દિક બામટા

# બગસરાના મોટા મુંજીયાસર ગામે પંચાયતના ડેડ સ્ટોક બાબતે વિવાદ

બગસરા, તા.૨૪

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે ફરીથી નવો વિવાદ શરૂ થયો છે. જેમાં હાલના સરપંચ જયસુખભાઈ બાવાભાઈ ખેતાણી દ્વારા પૂર્વ સરપંચ પર ડેડ સ્ટોક યોગ્ય રીતે ન નિભાવવાનો, અનેક પ્રકારની ગેરરીતિ સહિત પંચાયતની મિલકતને પોતાના અંગત ઉપયોગ માટે ઘર ભેગી કરેલ હોવાનો અને અમુક ખરીદીઓ માત્ર કાગળ પર બતાવી કૌભાંડ કર્યું હોવાના આક્ષેપ પૂર્વ સરપંચ કૈલાસબેન રમેશભાઈ સતાસીયા પર કરવામાં આવેલ છે. તેમણે આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ સમક્ષ યોગ્ય રીતે તપાસ કરવાની માંગ કરી હતી. જેને આધારે બગસરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા હાલના સરપંચને ઉદ્ધત જવાબ પણ આપવામાં આવ્યો કે તે અમારા છે અને અમારે તેને કેમ બચાવવા તે અમારે જોવાનું છે. જયારે આવા જવાબથી સંતોષ ન થતા જિલ્લા વિકાસ અધિકારીને આ બાબતે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા સમિતિની રચના કરી તપાસ પણ કરાવવામાં આવી હતી. આ બાબતે પૂર્વ સરપંચ કૈલાસબેનના જણાવ્યા અનુસાર કોઈપણ પ્રકારની ગેરરીતિ થયેલ નથી, જે કોઈ વસ્તુની ખરીદી થયેલ છે તેમને ડેડ સ્ટોક ઉપર ચડાવેલ હોવાનું જણાવ્યું હતું. આ પ્રકરણમાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા સમગ્ર પ્રકરણની તપાસનો અહેવાલ જિલ્લામાં મોકલી આપેલ છે. જિલ્લા દ્વારા જે આદેશ થશે તેનું પાલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# ધોળા ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સાધુ સંતોનું ચિંતન મહાસંમેલન યોજાયું



સાવરકુંડલા, તા.૨૪

ધોળા ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સાધુ સંતોનું ચિંતન મહાસંમેલન યોજાયું હતું. જેમાં સાવરકુંડલાથી કબીર ટેકરી મહંત નારાયણદાસ સાહેબ બાપુ, કુંડળપૂર હનુમાનજી મંદિર મહંત કરશનગિરી બાપુ, શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ મહંત ઘનશ્યામદાસ બાપુ તથા વિશ્વ હિન્દુ પરિષદ (સૌરાષ્ટ્ર પ્રાંત ધર્માચાર્યા સંપર્ક પ્રમુખ પ્રવીણસિંહ કંચવા) (વિભાગ મંત્રી જગદીશભાઈ રૈયાણી) તથા પરિષદના કાર્યકર્તાની ઉપસ્થિતિમાં સાધુ સંતોનું મહાચિંતન સંમેલન યોજાયું હતું.

# ડ્રોન ટેકનોલોજીથી ખેતીમાં ક્રાંતિ: કૃષ્ણગઢમાં સફળ પ્રયોગ

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા તાલુકાના કૃષ્ણગઢ ગામે ઈફકો ન્યુ દિલ્હી અને આંબરડી સેવા સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે ડ્રોન ટેકનોલોજીથી પાકમાં દવા છંટકાવનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખેડૂતોની આવક બમણી કરવાના સ્વપ્નને સાકાર કરવા ઈફકોએ સહકારી મંડળીઓને ડ્રોન અને તાલીમ આપવાની યોજના હેઠળ આ પ્રયોગ હાથ ધરાયો હતો. આંબરડી PACSના પ્રમુખ દિપકભાઈ માલાણીના નિરીક્ષણ હેઠળ ખેડૂત વિપુલભાઈ મુંજપરાના તુવેરના પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. પંપથી આખો દિવસ થતું આ કામ ડ્રોન દ્વારા માત્ર એક કલાકમાં પૂર્ણ કરવામાં આવ્યું હતું. મોટા થયેલા તુવેરના છોડની ગીચતા અને સરીસૃપ જંતુઓ તેમજ દીપડા-સિંહ જેવા વન્ય પ્રાણીઓના જોખમને કારણે મેન્યુઅલ છંટકાવમાં મુશ્કેલી પડતી હતી, જે ડ્રોન ટેકનોલોજી દ્વારા સરળતાથી દૂર થઈ છે.



# રાજુલા તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ અરજીઓનો નિકાલ કરાયો

અમરેલી,તા.૨૪

રાજુલા તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં ૮૬૫ પશુઓને રસીકરણ, ૧૬૦ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના વિષયક અરજી, ૮૦ હેલ્થ અને વેલનેસ કાર્ડ ધારકોની ડાયાબિટીઝ અને બી.પી ચકાસણી, ૨૪૮ રાશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસી સેવા, ૦૨ સર્જિકલ સારવાર, ૭૧ આધારકાર્ડમાં સુધારાની અરજી, ૩૮ રાશનકાર્ડ ધારકોના નામ દાખલ કરવા, ૧૭ નામ કમી કરવા સંબંધિત અરજી, જાતિ પ્રમાણપત્ર સંબંધિત ૧૦ અરજી સહિતની ૧૬૮૯ અરજીનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લા પ્રા. શાળા શિક્ષણથી વંચિત શાળા બહારના બાળકોનો સર્વે કરાયો

**સર્વેમાં જાહેર જનતાને સહભાગી થવા અનુરોધ**

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં ૬ થી ૧૮ વર્ષની વયજૂથના હોય અને શિક્ષણથી વંચિત રહી ગયા હોય તેમજ ધો.૧ થી ધો.૧૨ સુધીનું શિક્ષણ મેળવ્યું જ ના હોય, ધો.૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યા વગર અધવચ્ચે શાળા છોડી હોય તેવા દિવ્યાંગ સહિતના તમામ બાળકોના સર્વેની કામગીરી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી દ્વારા હાથ ધરવામાં આવી છે. આવા બાળકોને સમગ્ર શિક્ષા અંતર્ગત આવરી લેવાના ઉદ્દેશ્ય સાથે નવેમ્બર - ૨૦૨૪ ની તા.૭ થી તા.૧૬ દરમિયાન સર્વે થશે. શિક્ષાથી વંચિત અને શાળા બહારના બાળકોને આવરી લેવા આ સર્વેમાં જાહેર જનતાને સહભાગી થવા અનુરોધ છે. શિક્ષાથી વંચિત અને શાળા બહારના બાળકો કોઈપણ વ્યક્તિના ધ્યાને આવે તો તેવા બાળકોને નજીકની પ્રાથમિક શાળાના આચાર્યને જાણ કરી સહકાર આપવા અમરેલી જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલામાં યોજનાકીય માહિતી પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા શહેર ખાતે એસ.સી./ એસ.ટી./ઓ.બી.સી શૈક્ષણિક અને સામાજીક સમિતિ દ્વારા સમાજના દરેક વર્ગ માટે શૈક્ષણિક અને યોજનાકીય માહિતી પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયેલ હતો. આ તકે સંતો અને ઘણા સામાજીક આગેવાનોએ ઉપસ્થિત રહી આશીર્વાદ અને માર્ગદર્શન આપ્યું હતું.

# સા.કુંડલાની કાણકીયા આર્ટ્સ કોલેજમાં સીપીઆર કાર્યક્રમ

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલાની વી.ડી. કાણકીયા આર્ટ્સ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં દર વર્ષની જેમ CPRની તાલીમ અનુસંધાને કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે આ તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલાના નેજા હેઠળ યોજવામાં આવે છે. રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર વિશે માર્ગદર્શન કરવામાં આવ્યું અને વીડિયો અને પ્રેક્ટીકલ પ્રયોગ દ્વારા RECOVERY POSITION તથા CPRની તાલીમ આપવામાં આવી હતી. કોઈ ક્રિટીકલ પરિસ્થિતિમાં ફસાયેલા વ્યક્તિનો જીવ બચાવવા માટેની પ્રક્રિયાની સમજણ આપવામાં આવી હતી.



# ખાંભા તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, અરજીઓનું સ્થળ પર નિરાકરણ

**સેવાસેતુ અંતર્ગત ૧,૨૮૭ અરજીનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો**

અમરેલી,તા.૨૪


ખાંભા તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામા આવ્યો હતો. સેવા સેતુ કાર્યક્રમમાં ૪૬૬ પશુઓને રસીકરણ, ૨૦૩ હેલ્થ અને વેલનેસ કાર્ડ ધારકોની ડાયાબિટીસ અને બી.પી ચકાસણી, ૨૦૦ રાશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસી સેવા, ૬૩ સર્જિકલ સારવાર, ૬૩ આધારકાર્ડમાં સુધારાની અરજી, ૪૩ અરજદારોના આવકના દાખલા સંબંધિત અરજી, ૧૩ રાશનકાર્ડ ધારકોની નામ દાખલ કરવા, નામ કમી કરવા સંબંધિત અરજી, જાતિ પ્રમાણપત્ર સંબંધિત ૪ અરજી સહિતની ૧,૨૮૭ અરજીનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજ્ય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

# સાવરકુંડલાના કબીર ટેકરી આશ્રમ ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલા શહેરમાં આવેલ કબીર ટેકરી આશ્રમ ખાતે તા.૨૪-૧૦-૨૦૨૪ને ગુરુવારના રોજ વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી સદગુરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા, લાયન્સ કલબ ઓફ અમરેલી સિટી અને શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પિટલ અમરેલી દ્વારા આ કેમ્પનું સંયુક્ત આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનું દીપ પ્રાગટ્ય કબીર ટેકરીના મહંત શ્રી નારણદાસ સાહેબ અને ટ્રસ્ટી કેશુભાઈ બગડાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૮૦ દર્દીઓએ OPDમાં લાભ લીધો હતો જ્યારે ૨૧ દર્દીઓના મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**બે-ત્રણ મુદ્દાઓ બાકી હોવાથી બોર્ડ મુલત્વી રાખવામાં આવ્યું છે. દિવાળી પછી તરત જ બોર્ડ મળશે : પાલિકા પ્રમુખ**

# અમરેલી જિલ્લાની મોટાભાગની પાલિકામાં હપ્તાનું દુષણ: ડો.કાનાબાર

**ડો.કાનાબારે ટ્વીટ કરી પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ સહિત ભાજપ આગેવાનોને ટેગ કર્યા**

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ભરત કાનાબારના એક ટ્વીટે ભ્રષ્ટાચાર બાબતે ખળભળાટ મચાવી દીધો છે. અમરેલી નગરપાલિકામાં ચાલતા ભ્રષ્ટાચાર બાબતે ડો.ભરત કાનાબારે ટ્વીટ કર્યુ છે. પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ સહિતનાઓને ટેગ કરી ડો. કાનાબારે ટ્વીટ કર્યુ છે કે સાંસદો, ધારાસભ્યો અને મ્યુ. કોર્પોરેશનના સભ્યોને પગાર અને ભથ્થા મળે છે. આ લાભ નગરપાલિકાના સદસ્યોને પણ મળવો જોઈએ. આમ પણ ગુજરાતની ઘણી બધી નગરપાલિકાઓમાં સદસ્યોને ટકાવારી અને હપ્તા મળે છે.

જો કે અમુક પ્રામાણિક સભ્યો પણ હોય છે. અમરેલી જિલ્લાની મોટાભાગની પાલિકામાં સદસ્યોમાં ટકાવારી અને હપ્તાનું આ દુષણ છે. અમરેલી પાલિકામાં આવી



ખાયકી સામે અમુક લોકોએ અવાજ ઉઠાવ્યો તો પાલિકાનું આવતીકાલનું બોર્ડ રદ કરી દીધુ અને અમુક સદસ્યોને શાંત પાડવા ૧૫-૧૫ હજાર રોકડા મોકલી દીધા હતા. આ ભ્રષ્ટાચારના રાક્ષસને કોણ ઝેર કરશે એ મોટો સવાલ છે.

આમ, અમરેલી પાલિકામાં ભ્રષ્ટાચાર મામલે ડો.કાનાબારના ટ્વીટથી ખળભળાટ મચી ગયો છે. આ અંગે પાલિકા પ્રમુખ બીપીન લીંબાણીએ જણાવ્યું છે કે ત્રણ દિવસ પહેલા જ બોર્ડ રદ કરી નાખવામાં આવ્યુ છે.

બોર્ડ રદ કરવાનું કારણ આપતા પાલિકા પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, ત્રણથી ચાર મુદ્દાઓ બાકી છે જેમાં ખાસ કરીને રોકડીયા રિવરફ્રન્ટની મંજૂરી મળી હોય, ગાર્ડન ડેવલપમેન્ટ અને નવા વિસ્તારોમાં રોડ અને લાઈટની સુવિધા આપવાના મુદ્દાઓ બોર્ડમાં લેવાના બાકી રહેતા હતા.

જો કે હવે આગામી બોર્ડ દિવાળી બાદ તરત જ મળશે તેમ પાલિકા પ્રમુખે અંતમાં જણાવ્યું હતું.

## ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા જરૂરિયાતમંદ બાળકોને કપડા વિતરણ



ચલાલા, તા.૨૪

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા જરૂરિયાતમંદ બાળકો અને દીકરીઓને કપડા વિતરણ કરવામાં આવ્યા હતા. પૂ. ડો. રતિદાદાએ જણાવ્યું હતું કે આવા સેવાકાર્યમાં દાતાઓનો સહયોગ ખુબ અગત્યનો છે. વિનુભાઈ કાછડિયા તથા બાબુભાઈ કાછડિયા - અમદાવાદ (ચલાલા) તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો.

**અમરેલી એલસીબી ટીમની કામગીરી**

## સાવરકુંડલાના ધજડી ગામેથી ઈંગ્લીશ દારૂની ૧૪૫ બોટલ સહિત રૂ. ૧.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલાના ધજડી ગામેથી અમરેલી એલસીબી ટીમે ભારતીય બનાવટના પરપ્રાંતના ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાન્ડની ૧૪૫ બોટલ ઝડપી પાડી હતી. પોલીસે કુલ ૧,૫૬,૭૫૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાગરભાઈ ચતુરભાઈ સરૈયા તથા કપીલ ચતુરભાઈ સરૈયા પાસેથી ભારતીય બનાવટના પરપ્રાંતના ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાન્ડની ૧૪૫ બોટલ મળી હતી. પોલીસે ફોર વ્હીલ સહિત કુલ ૧,૫૬,૭૫૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. એસ. સુમાર વધુ તપાસ કરી રહ્યા છે. ધારી અને કાનાતળાવ ગામના પાટીયા પાસેથી ૫-૫ લીટર મળી કુલ ૧૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા પકડાયા હતા.


**નામ બદલાવેલ છે**


હું આથી જાહેર કરનાર, **વિશાલભાઈ રસિકભાઈ સાવલીયા.** મારું જૂનું નામ **વિશાલ રસિકલાલ સાવલીયા** થી બદલીને **વિશાલભાઈ રસીકભાઈ સાવલીયા** કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનોં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


## ચમારડી ગામે ગોપાલભાઈ વસ્તરપરાના માર્ગદર્શન નીચે સ્વચ્છતા અભિયાન

અમરેલી,તા.૨૪

આગામી ૩૧ ઓક્ટોબર એટલે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯મી જન્મ જયંતી નજીક આવતી હોય સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત બાબરા તાલુકાના ચમારડી ગામે સમસ્ત ચમારડી ગ્રામજનો દ્વારા ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાના માર્ગદર્શન



હેઠળ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ત્યારે ચમારડી ગામના મેઈન પ્રવેશદ્વાર, ચમારડીથી ચરખા જતો મેઈન રોડ, ચમારડી ગામની મેઈન બજારોની આસપાસ સાફ સફાઈ હાલ શરૂ કરવામાં આવી છે ગોપાલભાઈ ચમારડીએ વધુમાં જણાવતા કહ્યું હતું કે આગામી ૩૧ ઓક્ટોબર પહેલા આખા ચમારડી ગામની ગલીએ ગલીએ, મેઈન બજારો, ધાર્મિક સ્થળો, જાહેર રોડ રસ્તાઓ સહિત સમગ્ર જગ્યાએ સફાઈ અભિયાન કરવામાં આવશે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેંકિગમાં ઉપલબ્ધ
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨–૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા–લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665


**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૮૯/૨૦૨૪

અરજદાર :- શ્રી પઠાણ રસુલખાન આલમખાં
સરનામું :- મું.બલાણા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી, બલાણા, મું.બલાણા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના શ્રી **પઠાણ રસુલખાન આલમખાં** એ તેમના પુત્ર નામે **શ્રી મહોબતખાન રસુલખાન પઠાણ નો જન્મ તા.૦૬/૦૩/૨૦૦૫** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **એન. એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ **૧૪** માહે. **ઓક્ટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૪/૧૦/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# બગસરામાં સતત બીજા દિવસે શાકમાર્કેટમાં દબાણ હટાવવામાં આવતા લોકોમાં હાશકારો

બગસરા તા.૨૪



બગસરામાં સતત બીજા દિવસે શાકમાર્કેટમાં દબાણો દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવતા લોકો દ્વારા ખુશાલી વ્યક્ત કરવામાં આવી હતી. તેમજ ચેમ્બર દ્વારા પણ પાલિકાની કામગીરીને બિરદાવવામાં આવી હતી. બગસરામાં છેલ્લા ઘણા સમયથી શાકમાર્કેટમાં પ્રજા માટે પ્રવેશવાનું પણ મુશ્કેલી રૂપ બની ગયું હતું. અનેક લારીધારકો દ્વારા દબાણ કરવામાં આવતા વાહન ચાલકો પણ અગવડતા અનુભવી રહ્યા હતા. પાલિકા દ્વારા સતત બીજા દિવસે લારીધારકોને દૂર કરવા તેમજ શાકમાર્કેટમાં સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવતા લોકોએ ખુશી વ્યક્ત કરી હતી. આ બાબતે ચેમ્બર પ્રમુખ દિનેશભાઈ હડીયલ દ્વારા પાલિકાની કામગીરીને બિરદાવવામાં આવી હતી તેમજ કોઈપણ પ્રકારના ભેદભાવ વગર પોતાની કામગીરી શરૂ રાખે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. પાલિકા દ્વારા થતી કામગીરીમાં રાજકીય વ્યક્તિઓ કોઈ ભલામણ ન કરે તેવી લોકોમાંથી માંગ ઉઠી હતી.

# લીલીયા તાલુકાનું આંબા આયુષ્માન આરોગ્ય મંદિર રાષ્ટ્રીય સ્તરે ઉત્તીર્ણ

લીલીયા, તા.૨૪



મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોશી અને કયું. એમ.ઓ. ડો. આર.કે. જાટનાં માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસ લીલીયાનાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એ. સિધ્ધપુરાનાં અથાગ પ્રયાસો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ક્રાંકચના મેડિકલ ઓફિસર ડો. જય વાઘેલાની આગેવાની નીચે આંબા સબ સેન્ટર આયુષ્માન આરોગ્ય મંદિરનું રાષ્ટ્રીય લેવલની ટીમ ડો. ક્રિષ્ના ગોપાલ સોની અને ડો આશિષ અરોરા દ્વારા સુપરવિઝન કરવામાં આવ્યું હતું. આરોગ્યને લગતા મુદ્દાઓનું અવલોકન કર્યા પછી રાષ્ટ્રીય ક્વોલિટી ટીમ આંબા ખાતે આપવામાં આવતી આરોગ્ય સેવાથી પ્રભાવિત થયા હતા અને કર્મચારીઓને બિરદાવ્યા હતા આ સાથે જ ક્વોલિટી પેરામીટર્સમાં આંબા સબ સેન્ટર જે પીએચસી ક્રાંકચના કાર્યક્ષેત્રમાં આવે છે આયુષ્યમાન આરોગ્ય મંદિરને ૮૭.૯૯% સાથે ઉત્તીર્ણ કર્યું હતું.

# અમરેલીમાં પતિએ દારૂ પીને પત્નીને ગાળો આપી ઢીકાપાટુ માર્યા

**લગ્નના એક વર્ષથી પતિ ત્રાસ આપતો હતો**

અમરેલી, તા.૨૪

લગ્ન બાદ દરેક યુવતી સોનેરી સપનાં જોતી હોય છે, જોકે તેમાંથી કેટલીક મહિલાઓના જ સપનાં સાકાર થતાં હોય છે. અમરેલીમાં રહેતા એક યુવતીને લગ્નના એક વર્ષ બાદ પતિએ દારૂ પીને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે જાગૃતિબેન પ્રદીપભાઈ માંડાણી (ઉ.વ.૨૪)એ પ્રદીપભાઈ હસમુખભાઈ માંડાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, લગ્નના એક વર્ષથી જ પતિ દારૂ પીને શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો. ઉપરાંત બે દિવસ પહેલા ગાળો બોલી, ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ૧૦ લાખ નહીં ભરતા સા.કુંડલા પાલિકાએ જીયો ટાવરને સીલ માર્યા

અમરેલી,તા.૨૪



સાવરકુંડલા શહેરમાં રિલાયન્સ જીયો ટાવર આવેલ છે. અહીં નગરપાલિકાના બિલ બાકી હોવાને કારણે નગરપાલિકા દ્વારા અવારનવાર નોટિસો આપી જાણ કરવા છતાં કોઈ જવાબ નહી મળતા નગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ૨૦૨૨થી ૨૦૨૪ સુધીના નગરપાલિકાના રૂપિયા ૧૦ લાખ બાકી હતા તે ભરવામાં નહિ આવતા નગરપાલિકાએ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલ ૩ રિલાયન્સ જિયો ટાવરને સિલ મારી કાર્યવાહી હાથ ધરતા નેટવર્ક ઠપ્પ થયાની યુઝર્સમાં ફરિયાદો ઉઠી છે. નગરપાલિકા ચીફ ઓફિસર હસમુખ બોરડે જણાવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા રિલાયન્સ જિયો કંપનીના ૩ ટાવર સીલ મારવામાં આવ્યા છે. અહીં ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪ પછીના રૂપિયા ૧૦ લાખ રૂપિયાના બિલ બાકી છે છતાં કોઈ જવાબ નહિ આપતા સીલ મારવામાં આવ્યા છે.

# દામનગરમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહનાં જન્મદિને ગરીબોને ભોજન કરાવાયું

દામનગર, તા.૨૪



દામનગર ઋષિ વંશી સમાજ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રીના જન્મદિવસ નિમિત્તે વૈજનાથ મહાદેવ મંદિર દામનગરમાં થાળ ધરાવી સાધુ - સંતો અને ગરીબોને ભોજન કરાવ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના જન્મદિવસની ઉજવણી કરાઈ હતી.

# અમરેલીમાં જાહેરનામાનો ભંગ કરતાં વાહન ચાલકો સામે ટ્રાફિક પોલીસની લાલ આંખ

અમરેલી, ૨૪

દિવાળીનો તહેવાર નજીક આવતાં જ અમરેલીમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવા ઉમટી રહ્યા છે, જેને લઈ ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની છે. લોકો આડેધડ પાર્કિંગ કરતાં હોવાથી આ સમસ્યા વકરી છે. આ દરમિયાન અમરેલી જિલ્લા ટ્રાફિક શાખાએ નાગનાથ રોડ તરફથી સેન્ટર પોઈન્ટ તરફ જતાં અતિભારે વાહનો જેવા કે છ કે તેથી વધુ વ્હીલ વાળા બસ, ટ્રક જેવા તમામ ભારે વાહનોનો અમરેલી શહેરમાં પ્રવેશ અને અવરજવર તેમજ જાહેર માર્ગો ઉપર અડચણરૂપ પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતા જાહેરનામાનો ભંગ કરવા બદલ કાર્યવાહી કરી હતી. લીલીયા સનાળીયા ફાટક પાસેથી એક પુરુષ ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ટુ વ્હીલ ઉભી રાખતાં પકડાયો હતો. દામનગરના હજીરાધાર ગામના સ્મશાન પાસે જાહેર રોડ પર એક ટ્રક ડ્રાઈવર ગફલતભરી રીતે અને બેફિકરાઈથી માણસોની જિંદગી જોખમાય તે રીતે ચલાવતાં મળી આવ્યો હતો.

**વીજ કર્મચારીએ ૧૨થી વધુ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

# મોટી ગરમલી ગામે વીજ ચેકિંગ ટીમ પર ટોળાનો હુમલો

**હાથમાં હથિયારો ધારણ ગાળો પણ આપી**

ચલાલા, તા.૨૪

ચલાલાના મોટા ગરમલી ગામે વીજ ચેકિંગ કરવા ગયેલી ટીમ પર ટોળાએ હુમલો કર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મૂળ છોટા ઉદેપુરના કવાંટ તાલુકાના સુથાર ફળીયુના અને હાલ ચલાલાના મહાદેવપરામાં રહેતા પ્રતિકભાઈ ઈસુનાથ રાઠવા (ઉ.વ.૩૦) એ મોટી ગરમલી ગામે રહેતા દિલાભાઈ રૂડાભાઈ પરમાર, શૈલેષભાઈ રૂડાભાઈ પરમાર, અશ્વીનભાઈ કરશનભાઈ ખેતરીયા, કિશોરભાઈ કરશનભાઈ ખેતરીયા, રવિભાઈ ગોવિંદભાઈ પરમાર, માધાભાઈ ડાયાભાઈ પરમાર સહિત ૧૨થી વધુ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ બે દિવસ પહેલા વહેલી સવારે ચલાલા તથા ચલાલા ગ્રામ્ય વિસ્તારમાં જુદી-જુદી ટીમો બનાવીને વીજ ચેકિંગમાં ગયા હતા. તે વખતે આશરે પોણા આઠેક વાગ્યે મોટી ગરમલી ગામે, સ્વ. રૂડાભાઈ ડાયાભાઈ પરમારના રહેણાક મકાને ચેકિંગ કરવા જતા ત્યાં આગળ હાજર દિલાભાઈ રૂડાભાઈ પરમાર તથા તેમના પત્ની તેમને જેમ ફાવે તેમ અશ્લિલ ગાળો આપવા લાગ્યા હતા તેમજ કાંઠલો પકડીને લાફો માર્યો હતો અને બંને આરોપીએ ધક્કો મારી રહેણાંક મકાનમાંથી બહાર કાઢી મૂક્યો હતો. જે બાદ શેરીમાં તેમના અન્ય સંબંધીઓ તથા મહિલાઓ આવ્યા હતા. તમામના હાથમાં લાકડી, ધોકો તથા કુહાડી જેવા હથિયાર હતા અને જેમ ફાવે તેમ અશ્લિલ ગાળો આપી, હવે પછી જો અહીંયા રહેણાક મકાને વીજ ચેકિંગ કરવા આવ્યા તો ટાંટીયા ભાગી નાખીશું અને જો અમારી વિરૂધ્ધ ફરજ રૂકાવટની ફરિયાદ કરશો તો તમારા વિરૂદ્ધ કેસ કરીશું એવી ધમકી આપી, કાયેદસરની ફરજમાં રૂકાવટ કરી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પી. આઈ એ.ડી. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ:નોમ
તા. ૨૫-૧૦-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૨૮,
સૂર્યાસ્ત-૦૫:૪૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૨૫-૧૦-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. કાર્યસ્થળમાં નુકસાન ટાળવા માટે, તમે ખૂબ વિચારપૂર્વક નિર્ણય લેશો. જોખમી કાર્યોથી દૂર રહો.

વૃષભ: આજે તમારા સારા કાર્યો તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધારશે. તમને વ્યવસાયમાં તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.

મિથુન: જો તમારું પ્રમોશન અટકેલું છે તો આજે તમને કેટલીક માહિતી મળી શકે છે. તમારા જીવનસાથીને કારણે આર્થિક લાભ અને સન્માન મળશે.

કર્ક: આજે તમે બાળકોના શ્રેષ્ઠ વર્તન અને તેમની સફળતાથી આનંદ મેળવશો. વિદ્યાર્થીઓએ એકાગ્રતા જાળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

સિંહ: જો તમે વેપારી છો તો વ્યવસાયમાં કેટલાક નવા સકારાત્મક ફેરફારો થશે. પરિવાર તરફથી પણ સારા સમાચાર મળશે.

કન્યા: જો કોઈ કેસ અથવા અન્ય કોઈ કાયદાકીય તપાસ ચાલી રહી છે તો સમય તમારા માટે અનુકૂળ નથી.

તુલા: આજે તમે સ્વાસ્થ્યથી પરેશાન રહી શકો છો. રાજકારણ સાથે જોડાયેલા લોકોને લાભની સાથે નવી તકો મળશે.

વૃશ્ચિક: આજે શારીરિક શક્તિ અને ઉત્સાહ વધુ રહેશે, ભાઈઓ અને બહેનોના સહયોગથી તમને માનસિક શાંતિ અને સુખ મળશે.

ધન: આજનો દિવસ ગુરુ પ્રત્યે નિષ્ઠા અને ભક્તિથી ભરેલો રહેશે. આ સમયમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમને અટકેલા પૈસા મળશે.

મકર: નોકરી કરતા લોકોના અધિકારોમાં વધારો થવાની સાથે જવાબદારીઓ પણ વધશે. જીવનસાથીનો દરેક વળાંક પર ટેકો મળશે.

કુંભ: આજે તમારે ખાસ ધીરજથી કામ લેવું જોઈએ કારણકે ઉતાવળમાં કરેલા કામને કારણે નુકસાન થવાની સંભાવના રહેશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુથી લાભની શક્યતા રહેશે. દુશ્મનો તમારી હિંમત અને શક્તિ સામે નમી જશે. બાળકો માટે તમારો પ્રેમ વધશે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
દિવાળી ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
દિવાળી ધમાકા ઓફર

લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા - દિવાળી ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૬/૨૦૨૪

અરજદાર :- શ્રી પઠાણ ઈમ્તિહાનખાન આલમખાં
સરનામું :- મું.બલાણા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,
બલાણા, મું.બલાણા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના શ્રી **પઠાણ ઈમ્તિહાનખાન આલમખાં** એ તેમના પુત્ર નામે **શ્રી એહમદખાન ઈમ્તિહાનખાન પઠાણ નો જન્મ તા.૨૨/૦૩/૨૦૦૭** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ **૧૪** માહે. **ઓકટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૪/૧૦/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૭/૨૦૨૪

અરજદાર :- શ્રી પઠાણ ઈમ્તિહાનખાન આલમખાં
સરનામું :- મું.બલાણા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,
બલાણા, મું.બલાણા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના શ્રી **પઠાણ ઈમ્તિહાનખાન આલમખાં** એ તેમના પુત્ર નામે **શ્રી વાઝીદખાન ઈમ્તિહાનખાન પઠાણ નો જન્મ તા.૦૬/૦૩/૨૦૦૯** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ **૧૪** માહે. **ઓકટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૪/૧૦/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૮૮/૨૦૨૪

અરજદાર :- શ્રી પઠાણ રસુલખાન આલમખાં
સરનામું :- મું.બલાણા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી,
બલાણા, મું.બલાણા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બલાણા** ગામના શ્રી **પઠાણ રસુલખાન આલમખાં** એ તેમના પુત્ર નામે **શ્રી ઈદ્રીસખાન રસુલખાન પઠાણ નો જન્મ તા.૨૮/૦૨/૨૦૦૮** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી **એન.એલ.મોડાસીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ **૧૪** માહે. **ઓકટોમ્બર** સને. **૨૦૨૪** નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ :- ૧૪/૧૦/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તંત્રી લેખ**

# જમ્મુ કાશ્મીરમાં હવે વિકાસનો સમય શરૂ

જમ્મુ કાશ્મીરમાં શાંતિપૂર્વક ચૂંટણી પૂરી થઈ. નવી સરકાર આવી આથી ઉશ્કેરાયેલા આતંકવાદીઓએ ટાર્ગેટ કિલિંગ શરૂ કર્યા છે પરંતુ તેને સખતાઈથી દાબી દેવામાં આવી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં નવી સરકાર આવી પછી આતંકવાદી હુમલા વધી ગયા અને તેનો સખતાઈથી સામનો કરવામાં આવ્યો. અહીં શાંતિથી ચૂંટણી પતી ગઈ અને નવી સરકાર પણ અમલમાં આવી આથી ઉશ્કેરાયેલા આતંકીઓએ ટાર્ગેટ કિલિંગ શરૂ કર્યા. જમ્મુ કાશ્મીરમાં જે રાજકીય પક્ષો છે તેમાં બે મુખ્ય પ્રાદેશિક પક્ષો છે જેમાં નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોટિક પાર્ટી છે. ૩૭૦ મી કલમ હવે ઈતિહાસ બની ચૂકી છે જેને લાગુ કરવી કોઈપણ સંજોગોમાં શક્ય જ નથી બીજી બાજુ જમ્મુ કાશ્મીરને એક સ્વાયત રાજ્ય જાહેર કરવાની પણ વાત કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રીને સર્વ સત્તાધીશ બનાવવામાં આવે અને માત્ર વિદેશી આક્રમણ વખતે જ ભારત સરકાર સહાય કરે આ વસ્તુ પણ બિલકુલ શક્ય નથી. આજની તારીખે જમ્મુ કાશ્મીર ભારતનો અવિભાજ્ય ભાગ છે આવી જ રીતે પીઓકે પણ ભારતનો જ ભાગ ગણવામાં આવી રહ્યો છે. ત્યાંના લોકો પાકિસ્તાન સાથે રહેવા અરગીજ તૈયાર નથી કારણકે ત્યાં રહેવાથી કોઈ ફાયદો નથી. નથી રોજગારી કે નથી ખાવાની ખીચડી તો તેવા સાથે રહીને લોકો શું કરે? આજે તેઓ ભારત સાથે ભળવા માંગે છે. જમ્મુ કાશ્મીરની ચૂંટણીમાં આ વસ્તુ ત્યાંના રાષ્ટ્ર વિરોધી નેતાઓને આંખના કણાની જેમ ખૂંચે છે. જમ્મુ-કાશ્મીર પછી મહારાષ્ટ્ર, ઝારખંડ અને દિલ્હીમાં ચૂંટણી છે. આ રાજ્યોમાં મોદી-ભાજપની કસોટી છે અને કોંગ્રેસી મોરચા - રાહુલ ગાંધી માટે પણ ભવિષ્યની દિશા નક્કી થશે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસી મોરચો - સંયુક્ત દિલ્હીમાં ત્રણ પક્ષો મેદાનમાં હશે. આ સંજોગો આવનારા દિવસોમાં કેવા બદલાય - પલટાય છે તે જોવાનું છે. એક વાત નિશ્ચિત છે કે લોકશાહીના જંગમાં ધર્મ - સંપ્રદાય અને લઘુમતીવાદ મુખ્ય ભાગ ભજવશે. આતંકનો વિકલ્પ અમન અને આશાવાદ હોવાનું મતદારો જાણે અને સ્વીકારે છે. સંવિધાનની ૩૭૦મી કલમ રદ થયા પછી આ ચૂંટણી કેન્દ્ર સરકારના નિર્ણય અને આતંકવિરોધી વિકાસવાદ ઉપર અવિધિસરનો લોકમત' બની રહેશે. ફારુક અબદુલ્લા અને મેહબૂબા મુફ્તી બંનેએ ૩૭૦મી કલમ ફરીથી લાગુ કરવાનું વચન લોકોને આપ્યું હતું. પાંચ વર્ષ અગાઉ કેન્દ્ર સરકારે સંવિધાનમાંથી આ કલમ રદબાતલ કરીને કાશ્મીરને ભારતનાં અન્ય રાજ્યો સમાંતર સ્થાન આપ્યું. વાસ્તવમાં કાશ્મીરના મતદારોને આ વચન ઉપર ભરોસો નથી અને કલમ ૩૭૦ ફરીથી લાવવાની માંગ પણ નથી. ઝડપી વિકાસ માટે સરકારી અને ખાનગી મૂડીરોકાણના પરિણામે આશાવાદ વધુ વ્યાપક અને મજબૂત બન્યો છે. ખાનગી મૂડીરોકાણ રૂા. ૭૦૦૦ કરોડથી વધુ છે. પ્રવાસીઓની સંખ્યા ગયા વર્ષે ૨.૧૧ કરોડ હતી. ચૂંટણી મતદાન માટેનો ઉત્સાહ જોઈને મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું હતું કે લોકોએ બોયકોટ (બહિષ્કાર) અને બુલેટના સ્થાને બેલેટ' મતપત્રકની પસંદગી કરી છે. કાશ્મીરને જોડતા વિમાન, રોડ માર્ગોના વિકાસ માટે ૧.૫ લાખ કરોડની યોજનાઓનો અમલ થઈ રહ્યો છે. જમ્મુથી શ્રીનગર આવતા આઠ કલાક ઘટીને પાંચ કલાક થયા છે. ૨૫૦ લોકોની વસતીવાળા ગામને પણ પાકા માર્ગોથી જોડવામાં આવ્યા. જમ્મુ કાશ્મીરમાં હજી પણ આતંકવાદીઓ વધુ હુમલા કરશે પણ તેને ભરી પીવા માટે ભારત સરકાર સક્ષમ છે.

# આનંદ ઉત્સવના પર્વમાં આરોગ્યની સંભાળ રાખવી અતિ જરૂરી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**




ખાંડ અને મીઠું બંને વ્હાઈટ પોઈઝન કહેવાય છે. ફરસાણમાં મીઠાનું પ્રમાણ વધુ હોય છે અને મીઠાઈમાં ખાંડનો અતિરેક હોય છે. ખાસ કરીને એમાં ચાસણી હોય તેવા મનભાવન ભોજન ખાવામાં અતિરેક ન કરવો, નહીં તો ડાયાબિટીસ જેવા રોગો ઘર કરી જાય છે. ડાયાબિટીસ એવો રોગ છે તે કોઈ દિવસ મટે જ નહીં એવી એક માન્યતા છે. પરંતુ ડાયાબિટીસને કંટ્રોલમાં રાખી શકાય છે. આયુર્વેદ પ્રમાણે છ પ્રકારના રસમાં માત્ર આપણે મીઠો, તીખો રસ પરંતુ કોઈને કડવો રસ કે તુરો રસ ગમતો નથી જે અનબેલેન્સ થવાથી ડાયાબિટીસનો આરંભ થાય છે. જે લોકો કડવો રસ, તુરો રસ સમપ્રમાણમાં લેતા હોય તેને ડાયાબિટીસ ભાગ્યે જ થાય છે. ડાયાબિટીસ અનકન્ટ્રોલ બને ત્યારે માની ન શકાય તેવા શારીરિક રોગો ઉદભવે છે આથી તેને સાઈલેન્ટ કિલર કહેવામાં આવે છે. ડાયાબિટીસ માટે વિશ્વભરમાં નવા નવા સંશોધનો થઈ રહ્યા છે. ડાયાબિડટીસને કાબૂમાં રાખવા ટોરેન્ટોના સંશોધકોએ છેક ૧૯૮૦ની સાલમાં એક નવી સિસ્ટમ શોધી કાઢી જેનું નામ 'ગ્લાયસેમીક ઈન્ડેક્ષ' (જીઆઈ) સિસ્ટમ. આ સિસ્ટમથી તમે જે ખોરાક ખાઓ છો તેમાંથી કયો ખોરાક તમારી બ્લડસુગર કેટલા પ્રમાણમાં વધારે તે જાણી શકાય. 'ગ્લાયસેમીક ઈન્ડેક્ષ' વધારે તે ખોરાકનું પ્રમાણ ઓછું કરી તમે તમારા ડાયાબિટીસને કાર્બોહાઈડ્રેટવાળા ખોરાક ખાઈને પણ કાબૂમાં રાખી શકો છો અને હાર્ટએટેક આવતો પણ અટકાવી શકો છો. ઓછા ગ્લાયસેમીક ઈન્ડેક્ષવાળા ખોરાકથી તમે તમારું વજન પણ કાબૂમાં રાખી શકો છો. ગ્લાસયેમી ઈન્ડેક્ષ (જીઆઈ) અંગે વિશેષ જાણકારી જી.આઈ ઈન્ડેક્ષ એટલે તમે લીધેલો ખોરાક જે એકલા કાર્બોહાઈડ્રેટનો હોય કે પ્રોટીન અને ચરબી સાથે મિશ્રિત હોય, તમારું શરીર કેટલી ઝડપથી આ ખોરાકમાં રહેલા કાર્બોહાઈડ્રેટમાંથી ગ્લુકોઝ બનાવે છે તેની ઝડપ (રેટ) બતાવે છે. ૧૦૦ ફાઈનલ આંકડો છે. વધારે સંખ્યા ગ્લુકોઝના એબ્ઝોર્શનનો રેટ બતાવે છે. દરેક વ્યક્તિના શરીરની રચના જુદી છે. સ્ત્રી- પુરુષમાં અને બાળકોમાં અલગ અલગ જાતના ખોરાક ખાવાથી થતાં ફેરફારોની ક્રિયામાં થોડી વધઘટ હોઈ શકે છે. કાર્બોહાઈડ્રેટવાળા દરેક ખોરાક ખાધા પછી તમારી બ્લડ સુગર કેટલી ગતિથી વધે છે તે જી.આઈ. ઈન્ડેક્ષ દ્વારા જાણી શકાય છે. તે જો ૫૫થી વધારે હશે તો બ્લડ સુગર એકદમ વધી જશે. ડાયાબિટીસના દર્દીઓ પોતાના બ્લડસુગરને કાબૂમાં રાખવા માગતા હોય તો તેઓએ ઓછા જી.આઈ ઈન્ડેક્ષવાળા કાર્બોહાઈડ્રેટ હોય તેવો ખોરાક લેવો જોઈએ. જેમાં ફાઈબર વધારે હોય તેવા બધા જ કાર્બોહાઈડ્રેટનો જી.આઈ ઓછો હોય છે. દા.ત., લીલા વટાણા, લીલા ચણા, ઓટ, ઘઉંનો જાડો લોટ, બધા જ પ્રકારની શીંગો (તુવેર, સરગવો, ચોળી, સોયાબીન, ગુવાર) અને ફળો (સફરજન, દ્રાક્ષ, જરદાલુ, ચેરી, પીચ) હવે આ જ ફાઈબર જે ઘઉંના લોટમાં હોય છે તે જ્યારે ઘઉંને વધારે પીરસવામાં આવે ત્યારે આ ઝીણા લોટના જી.આઈ ઘટી જાય છે. આ જ રીતે કાચાં કેળાં (૩૦)ને પાકા કેળામાં (૬૨) પણ જી.આઈ ઈન્ડેક્ષમાં ઘણો ફેર પડી જાય છે. જ્યારે તમે જાણે અજાણે વધારે જી.આઈ ઈન્ડેક્ષવાળો ખોરાક ખાઓ છો ત્યારે તમારી બ્લડસુગર વધે છે. તે જ વખતે પેન્ક્રીઆસમાંથી ઈન્સ્યુલીન નીકળે છે. ઈન્સ્યુલીન વધારાની સાકરને સ્નાયુમાં ડિપોઝિટ કરી દે છે. કોઈક વખત વધારે જી.આઈ ઈન્ડેક્ષવાળો ખોરાક ખાવામાં આવે તો વાંધો નહીં, પણ વારે વારે એ પ્રમાણે થાય તો તેની અસર પેન્ક્રીઆસ ઉપર થાય. વારે વારે - ઈન્સ્યુલીન કાઢવાની તકલીફથી પેન્ક્રીયાસ નબળું પડી જાય. વારે વારે બ્લડ સુગર વધવાથી અને ઈસ્યુલીન કાઢવાની પેન્ક્રીયાસની શક્તિ ઓછી કે ખલાસ થઈ જવાથી ડાયાબિટીસ તો થાય છે જે પણ સાથે બી.પી., હાર્ટએટેક અને કેન્સર થાય. ઊંઘના પ્રોબ્લેમ થાય. શરીરમાં પાણીનો ભરાવો થાય. એલ.ડી.એલ. કોલેસ્ટ્રોલ વધે અને પાચનશક્તિ ઘટી જાય. ખાસ કરીને બિસ્કિટ, બ્રેડ, પોટેટો ચીપ્સ અને તરત ભળી જાય (એબસોબ) તેવા સ્ટાર્ચ (મેંદા)વાળા ખોરાક વધારે અને વારેવારે ખાનારને હાઈ ગ્લાઈસીમીક ઈન્ડેક્ષ વધારે હોવાથી - ડાયાબિટીસ જલદી થાય અને કાબૂમાં આવતા વાર લાગે છેઓછા ગ્લાયસેમીક ઈન્ડેક્ષવાળા ખોરાક લેવાના ફાયદા ઘણા છે. હૃદયને સક્ષમ (મજબૂત) રાખેઃ સંશોધકોએ શોધી કાઢ્યું છે કે હાઈ ગ્લાયસેમીક કે ઈન્ડેક્ષવાળો ખોરાક ખાવાથી શરીરમાં ચરબી વધે જેથી વજન વધે. આનાથી બી.પી. વધે. ટ્રાઈગ્લીસરાઈડ્ઝ પણ વધે. કુલ કોલેસ્ટ્રોલ વધે અને ખરાબ (એલ.ડી.એલ.) કોલેસ્ટ્રોલ વધે અને આ બધા કારણોથી હાર્ટએટેક આવે. આ બધી તકલીફો લૉ ગ્લાયસેમીક ઈન્ડેક્ષવાળો ખોરાક લેવાથી જતી રહેશે. કેન્સર થતું અટકાવેઃ આંતરડાંના કેન્સરમાં લૉ ગ્લાયસેમીક ઈન્ડેક્ષવાળો ખોરાક લેવાથી શરીરમાં આંતરડાના કેન્સર થતાં અટકશે. શક્તિ અને ઉત્સાહ વધશે : લૉ ગ્લાયસેમીક ઈન્ડેક્ષવાળો ખોરાક લેવાથી તમે વધારે સારી રીતે નિયમિત કસરત કરી શકશો. પરિણામે હૃદયને જોર મળશે. મગજને લોહી પહોંચશે અને કામ કરવામાં કંટાળો નહીં આવે. યાદશક્તિ અને ઉત્સાહ વધશે. છેલ્લે વાત આટલી જ કરવાની કે સંશોધકોએ ગ્લાયસેમીક ઈન્ડેક્ષ ચોક્કસ અમલમાં મૂકવાની રીત તરીકે ગણાવેલ છે. થોડું ગૂંચવણભર્યું છે, પણ ટેવ પડશે ત્યારે સરળ બની જશે. આમ છતાં દા.ત. ગાજરનો જી.આઈ ૯૨ છે તો તે ખાવાનું બંધ ના કરતા. સલાડમાં વપરાતા બધાં શાકભાજીમાં કદાચ કોઈમાં જી.આઈ વધારે હોય પણ કુલ કેલરી ઓછી છે માટે ચોક્કસ ખાશો. હા જી.આઈ. ઈન્ડેક્ષ અને હાઈ કેલરીવાળો ખોરાક ના ખવાય એટલું જ ધ્યાન રાખશો. તમે તમારા ખોરાકમાં લીંબુનો અથવા વિનેગરનો ઉપયોગ કરશો તો બટાકા જેવા હાઈ જી.આઈ ઈન્ડેક્ષવાળા ખોરાકનો ઈન્ડેક્ષ ઓછો થઈ જશે. ગ્લાયસેમીક ઈન્ડેક્ષનો કોઠો જુઓ અને તમારી જાતે જ ખોરાકની પસંદગી કરો. ડાયાબિટીસ એટલે શું ? ચરકસંહિતા જેવા ૫૦૦૦ વર્ષ પૂર્વેના આપણા આયુર્વેદના મહાન ગ્રંથમાં મધુપ્રમેહ તરીકે જેની ઓળખ આપવામાં આવી છે. આજે સામાન્યજન જેને મીઠી પેશાબ અને હવે અંગ્રેજી શબ્દ હોવા છતાં કોઈ પણ ભણેલા કે ન ભણેલા લોકો જેને ડાયાબિટીસ તરીકે સહેલાઈથી ઓળખે છે તે ડાયાબિટીસ રોગ નથી, પણ તમારા શરીરના એક અંગની નબળાઈને કારણે થતી એક પ્રક્રિયા છે. રોગ થવાનાં કારણોમાં બેક્ટેરિયા, વાઈરસ, ફન્ગસ કે એલર્જીને ઉત્પન્ન કરનારાં તત્ત્વો જે હવાના પ્રદૂષણને કારણે થાય. ડાયાબિટીસ જંતુથી થનારો રોગ નથી, પણ તમારી હોજરીની પાછળના ભાગમાં આવેલ શરીરની મોટામાં મોટી અંતસ્ત્રાવની ગ્રંથિ (હોર્મોનલ ગ્લેન્ડ)ના નબળા પડવાથી અને તેની કાર્યક્ષમતામાં ઘટાડો થવાથી થનારી એક પરિસ્થિતિ છે જે તમારી આહારવિહારની વિષમતાના કારણે થાય છે. આખા જગતમાં ડાયાબિટીસથી હેરાન થનારા લોકોની સંખ્યા વધતી જ જાય છે. દર પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિને ડાયાબિટીસ હોય એટલી ચિંતાજનક પરિસ્થિતિ છે. ભારતમાં આશરે બેથી ત્રણ કરોડ વ્યક્તિઓને ડાયાબિટીસ છે એમાંના ૩૦થી ૪૦ ટકા વ્યક્તિઓને પોતાને ડાયાબિટીસ છે એની ખબર નથી. ડાયાબિટીસ કોઈની શરમ રાખતો નથી. મોટા-નાના, સ્ત્રી-પુરુષ, ગરીબ-તવંગર, ઊંચ-નીચ કશા ભેદ વગર ગમે ત્યારે ગમે તે ઉંમરે થતી આ તકલીફમાં એક ખાસિયત પણ છે. લક્ષણો થાય પછી તમે લોહી પેશાબની તપાસ કરાવો ત્યારે ખબર પડે કે તમને ડાયાબિટીસ છે એ તો સામાન્ય વાત થઈ. યાદ રાખશો કે એક પણ લક્ષણ ના હોય ત્યારે પણ તમને ડાયાબિટીસ હોઈ શકે અને બધાં જ લક્ષણો હોય ત્યારે પણ તમને ડાયાબિટીસ ન હોય તેવું પણ બની શકે.

**દિવાળીના શુભ પર્વમાં આનંદ અને ઉત્સાહ અનોખો હોય છે આ સમયે ભાગ્યે જ કોઈ એવું ઘર હશે કે જ્યાં મીઠાઈ બનતી ન હોય. મીઠાઈ ખાતા ન હોય પરંતુ મીઠાઈ ખાવામાં સંતુલિત રહેવું અતિશય જરૂરી છે. કારણ કે મીઠાઈમાં ખાંડનું પ્રમાણ વધુ હોય છે આથી ડાયાબિટીસ જેવા ગંભીર રોગો થઈ શકે છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૪૦ |
| ઘઉં લોકવન | ૫૮૩ | ૬૦૩ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૨૧ |
| જુવાર સફેદ | ૬૩૦ | ૭૬૧ |
| બાજરી | ૩૭૧ | ૪૪૦ |
| તુવેર | ૧૩૬૦ | ૧૯૩૬ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૧૫ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૩૦૫૦ |
| અડદ | ૧૩૬૦ | ૧૮૧૬ |
| મગ | ૧૦૫૦ | ૧૬૧૮ |
| વાલ દેશી | ૧૪૧૫ | ૧૭૫૦ |
| ચોળી | ૨૫૦૦ | ૩૦૪૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૪૦ |
| મગફળી જાડી | ૧૦૧૦ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૧૦ |
| તલી | ૨૦૫૧ | ૨૬૨૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૧ |
| અજમો | ૧૫૦૦ | ૨૬૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૪૦ | ૮૬૫ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૨૯૩૦ | ૩૮૫૦ |
| લસણ | ૩૯૫૦ | ૫૫૨૦ |
| ધાણા | ૧૧૬૧ | ૧૪૯૦ |
| ધાણી | ૧૩૪૫ | ૧૫૦૦ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૪૬૦ |
| જીરૂ | ૪૩૫૦ | ૪૮૧૬ |
| મેથી | ૧૦૬૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૯૦૦ |
| કલોંજી | ૩૨૩૩ | ૩૮૨૦ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૧૦ |
| રજકાનું બી | ૩૯૮૦ | ૫૧૦૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૮૫૦ |
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મૂળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૮૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| પરવળ | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૮૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૯૨ | ૧૬૩૮ |
| શિંગ મઠડી | ૭૦૨ | ૧૧૩૬ |
| શિંગદાણા ફાડા | ૮૫૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૯૨૫ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૯૩૨ |
| બાજરો | ૪૦૪ | ૫૭૨ |
| જુવાર | ૪૦૦ | ૮૮૫ |
| ઘઉં લોકવન | ૫૬૬ | ૬૪૯ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૨ |
| મગ | ૭૦૦ | ૧૮૧૦ |
| અડદ | ૭૫૦ | ૧૫૪૦ |
| ચણા | ૯૦૦ | ૧૫૯૬ |
| વાલ | ૧૬૦૦ | ૨૫૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૧૬૦૦ | ૪૫૨૦ |
| રાયડો | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| અજમા | ૧૦૦૦ | ૨૮૦૦ |
| મેથી | ૧૦૯૨ | ૧૧૨૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૩ |
| રજકાનું બી | ૧૫૭૫ | ૫૩૭૫ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૮૦ |
| રીંગણાં | ૫૦૦ | ૮૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૪૫૦ |
| ટામેટા | ૯૦૦ | ૧૨૫૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૫૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળાલીલાં | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૭૫૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૧૦૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી નવી | ૨૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૬૪૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૧૬ | ૭૦૦ |
| સિંગદાણા જાડા | ૧૦૯૧ | ૧૩૩૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૧૨૧૬ | ૨૬૧૧ |
| જીરૂ | ૩૭૫૧ | ૪૭૪૧ |
| કલોંજી | ૧૫૫૧ | ૩૮૫૧ |
| ધાણા | ૯૦૦ | ૧૫૯૧ |
| લસણ સુકું | ૧૯૯૧ | ૫૩૯૧ |
| ડુંગળી લાલ | ૨૭૧ | ૯૨૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૮૮૧ |
| કાંગ | ૪૩૧ | ૪૩૧ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૮૦૧ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૫૦૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૯૧ |
| બાજરો | ૪૫૧ | ૫૧૧ |
| જુવાર | ૪૨૧ | ૭૨૧ |
| મકાઇ | ૪૦૦ | ૫૬૧ |
| મગ | ૧૧૯૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૭૧ |
| વાલ | ૭૦૧ | ૧૫૨૬ |
| સોયાબીન | ૬૦૧ | ૯૨૧ |
| ગોગળી | ૬૨૬ | ૮૭૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૫૮૭ | ૮૨૯ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૪૨ |
| કપાસ | ૧૦૫૦ | ૧૬૦૧ |
| બાજરો | ૪૫૦ | ૫૫૩ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૦ |
| જુવાર | ૪૬૦ | ૮૨૫ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૦૦ |
| ચણા | ૧૪૫૧ | ૧૪૫૧ |
| સોયાબીન | ૬૨૫ | ૮૨૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૧૮૫ | ૧૭૫૦ |
| શીંગ ૩૨ | ૮૦૧ | ૧૦૪૦ |
| શીંગ ટી.જે. | ૭૪૪ | ૧૧૮૦ |
| શીંગ જી-૨૦ | ૯૪૦ | ૧૨૨૮ |
| જુવાર | ૪૪૨ | ૮૮૬ |
| બાજરી | ૪૩૪ | ૬૦૩ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૬૭ |
| અડદ | ૮૦૧ | ૧૫૫૨ |
| ધાણા | ૬૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૭૦ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૩૭૪ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૮૦૦ |
| ડુંગળી લાલ | ૧૬૫ | ૯૨૧ |
| ડુંગળી સફેદ | ૧૧૫ | ૫૦૧ |
| કપાસ શંકર | ૭૭૦ | ૧૪૫૧ |
| નાળીયેર | ૭૦૦ | ૨૮૦૮ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૭૧ | ૧૨૦૦ |
| મગફળી૩૨ નં. | ૮૦૦ | ૧૦૮૭ |
| બાજરી | ૫૧૧ | ૫૬૨ |
| ઘઉં | ૪૮૦ | ૬૪૮ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૨૨ |
| સોયાબીન | ૬૫૬ | ૮૪૨ |
| જુવાર | ૬૦૦ | ૮૧૪ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ચણા | ૧૨૧૧ | ૧૩૪૪ |
| રજકો | ૩૫૦૦ | ૪૭૨૫ |
| કપાસ | ૯૧૦ | ૧૪૯૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૩૬૫ | ૬૩૦ |
| ચણા | ૭૧૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૪૫૪૦ | ૪૫૪૦ |
| અડદ | ૮૪૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૫૫૦ | ૭૮૨ |
| મગફળી | ૬૫૧ | ૯૫૦ |
| શીંગદાણા | ૯૭૦ | ૯૭૦ |
| તલ સફેદ | ૨૧૫૧ | ૨૪૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૩૯૩ |
| મગફળી | ૫૯૪ | ૯૮૧ |
| ઘઉં | ૫૫૬ | ૫૫૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૪૮૦ | ૮૨૫ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગદાણા | ૯૫૦ | ૧૨૫૨ |
| મેથી | ૮૫૦ | ૧૦૨૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૧૫ | ૧૫૫૧ |
| મગ | ૧૩૨૧ | ૧૩૨૧ |
| સોયાબીન | ૬૫૦ | ૬૫૦ |
| અડદ | ૧૦૨૧ | ૧૧૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૯૦ | ૧૬૬૫ |
| કપાસ કોડી | ૧૦૪૦ | ૧૨૮૦ |
| મગફળી નવી | ૯૬૯ | ૧૧૬૧ |
| મગ | ૧૩૩૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૨૧૦ | ૧૬૦૦ |
| ઘઉં | ૫૦૪ | ૬૫૬ |
| સોયાબીન | ૭૦૨ | ૮૧૮ |
| તલ સફેદ | ૧૯૯૦ | ૨૪૧૦ |
| બાજરો | ૪૧૦ | ૪૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ જીણી | ૮૦૦ | ૧૦૧૧ |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૫૧ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૭૦૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૬૪૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૯૧ |
| ઘઉં ટુકડા | ૬૨૪ | ૬૮૭ |
| બાજરો | ૫૩૨ | ૫૬૮ |
| અડદ | ૧૦૮૦ | ૧૬૫૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૮૮ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૧ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૨૭ | ૧૫૮૪ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૦૦ | ૧૬૬૫ |
| જુવાર | ૪૦૦ | ૬૦૦ |
| બાજરો | ૪૮૫ | ૫૪૦ |
| ઘઉં | ૫૭૦ | ૬૪૯ |
| મગ | ૧૦૯૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૦૯૦ | ૧૭૦૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૦૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૭૯ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૮૯ |
| ચણા સફેદ | ૧૬૦૦ | ૨૫૧૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૦૩૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૯૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૮ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૭૫ |
| લસણ | ૨૨૭૫ | ૫૦૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૭૪૫ |
| અજમો | ૨૨૨૫ | ૩૩૩૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૬૫ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૯૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૯૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૮૪ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૫૬૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૪૦૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૦૭ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૮૬ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૫૨૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૬૪ |

## શબ્દ સંજોગ-૧૮૯૧



**આડી ચાવી :**
(૧) ) ભારતનું એક રાજ્ય (૪)
(૩) ગુપ્ત, છાનું (૩)
(૫) શરીરનો મધ્યભાગ (૨)
(૬) નર્મદા નદીનું એક નામ (૨)
(૭) ઠાકોરજીને પોઢાવવા તે (૩)
(૯) રાશિ, ઢગલો (૨)
(૧૦) પ્રથમ મોગલ બાદશાહ (૩)
(૧૩) બોજો ઉપાડનારો મજૂર (૩)
(૧૪) બુધ્ધિ (૨)
(૧૫) ક્રિકેટની રમત જીતવા માટે કરવા પડે તે (૨)
(૧૬) ........ સન્તુ નિરામયા (૨)
(૧૭) જામીન તરીકેનું, સાટાનું (૨)
(૧૮) માતાની સાસુના પતિ (૨)
(૧૯) બાળભાષામાં પાણી(૧)
(૨૦) શંકર, હરનાર (૨)
(૨૨) પેટનો ઝૂલતો ભાગ (૨)
(૨૪) દરકાર (૩)
(૨૫) બાર ડઝન -૧૪૪ની સંખ્યા (૨)
(૨૬) હદ વગરનું (૪)

**ઉભી ચાવી :**
(૧) શેષનાગ (૩)
(૨) લખવું તે (૩)
(૩) રાજસ્થાનની એક વાનગી (૨)
(૪) રાજા (૩)
(૫) ભરતકામ, વણાટમાં વપરાતો સોનારૂપાનો બારીક તાર (૩)
(૮) આશ્રય આપનાર, દાતા (૪)
(૧૧) ચણોઠી જેટલું વજન (૨)
(૧૨) નુકસાન, હાનિ (૨)
(૧૩) બોલ, શબ્દ (૩)
(૧૪) મનને હરનાર (૪)
(૧૬) પારકી આશા, .... નિરાશા (૨)
(૧૮) ફરિયાદ, અરજ (૨)
(૨૧) ઘોડા તથા બળદની એકધારા વેગવાળી ચાલ (૩)
(૨૨) લાકડાની ઝીણી કરચ (૨)
(૨૪) કવિતાની મૂળ કડી (૨)

## શબ્દ સંજોગ-૧૮૯૦ જવાબ

**આડી ચાવી :** (૧) પ્રત્યવાય (૪) કૃપા (૭) મમત (૯) સમર (૧૧) ખ્યાલ (૧૩) રમત (૧૫) નવ (૧૬) અતલ (૧૭) ચીવટ (૨૦) રંક (૨૧) લક્ષ (૨૨) નંદન (૨૪) ચૈત્ય (૨૫) રેલમછેલ (૨૯) મૌર્ય (૩૦) જવ (૩૧) ડોબરમેન.
**ઉભી ચાવી:** (૧) પ્રત્યાખ્યાન (૨) વામ (૩) યમ (૫) પાસત (તપાસ) (૬) શરત (૮) તરત (૧૦) મવાલ (૧૨) લવચીક (૧૪) મલ (૧૬) અટલ (૧૮) આનંત્ય (૧૯) શ્યેન (૨૦) રંગરેજ (૨૩) હેમ (૨૬) લવ (૨૭) છેડો (૨૮) લબ (૨૯) મૌન.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સૌરાષ્ટ્ર યુનિ. ફૂટબોલ સ્પર્ધામાં સંકુલની ચાર વિદ્યાર્થિનીઓની રાષ્ટ્રીય સ્તરે પસંદગી



અમરેલી, તા.૨૪

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ અમરેલી ખાતે આવેલી શ્રીમતી ડી.એસ. કાબરીયા આર્ટ્સ & આર.કે. વઘાસિયા કોમર્સ મહિલા કોલેજની ચાર વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફૂટબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નેશનલ લેવલે સિલેક્શન મેળવ્યું છે. આ ચાર વિદ્યાર્થિનીઓમાં વાદી શ્રુતિ જયંતિભાઈ, સિદ્ધપરા પરિતા બાવનજીભાઈ, પરમાર જ્યોત્સના નરેન્દ્રભાઈ અને પરમાર વસુ હરેનસિંહનો સમાવેશ થાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફૂટબોલ સ્પર્ધામાં આ તમામ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત દર્શાવી નેશનલ કક્ષાએ સ્થાન મેળવ્યું છે. સ્ટાફ અને સ્ટુડન્ટ્સ દ્વારા આ ચારેય વિદ્યાર્થિનીઓને તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. કોલેજના આચાર્ય અને સમગ્ર સ્ટાફે વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિને બિરદાવી હતી.

# પ્રધાનમંત્રીના આગમનને લઈ અમરેલી જિલ્લા ભાજપ દ્વારા બેઠક યોજાઈ

**ધારાસભ્ય કૌશિક વેકરીયા, મહેશ કસવાલાએ માર્ગદર્શન આપ્યું**



અમરેલી, તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તારીખ ૨૮ ઓક્ટોબર ને સોમવારના રોજ લાઠીના દુધાળા ખાતે પધારી રહેલ હોય જેની તૈયારીના ભાગ રૂપે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તથા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ભાજપના મહામંત્રીઓ ભુપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા અને પીઠાભાઈ નકુમની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લા ભાજપના હોદ્દેદારો, પ્રદેશ મોરચાના હોદ્દેદારો, મંડલના પ્રમુખો અને મહામંત્રીઓ, જિલ્લા મોરચાના પ્રમુખો, મહામંત્રીઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં વિવિધ તાલુકાઓ, શહેરોમાંથી બહોળી સંખ્યામાં લોકો પધારવાના હોય કાર્યક્રમની તૈયારીઓ અંગે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કોડીનાર ડેપોના ડ્રાઈવર-કંડકટરે માનવતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું



કોડીનાર, તા.૨૪

કોડીનારથી ૪.૩૦ કલાકે ઉપડેલી બસ અમરેલી તરફ જતા ચલાલાથી એક પ્રવાસી બસમાં બેઠા હતા. તેમની તબિયત દેવરાજીયા ગામ નજીક બગડતા ડ્રાઈવર-કંડકટર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરીને પ્રવાસીને હોસ્પિટલ પહોંચાડેલ હતા. આ પ્રવાસી પાસે અંદાજે રૂ. ૩-૪ લાખ રોકડા, સોનાના દાગીના અને મોબાઈલ ફોન વગેરે વસ્તુઓ હતી. આ પ્રવાસીના પરિવારજનો હોસ્પિટલ પહોંચે ત્યાં સુધી બંનેએ ત્યાં હાજર રહી તમામ વસ્તુ તેમને સોંપીને ઉમદા ઉદાહરણ પૂરું પાડયું છે. ડ્રાઈવર દેવાભાઈ કામળીયા અને કંડકટર અનિલભાઈ કામળિયા બંનેએ કિંમતી સામાન માલિકના પરિવારજનોને સોંપીને હોસ્પિટલમાંથી રજા લીધી હતી.

# વડનગરમાં અંબુજા ફાઉન્ડેશન અને પંચાયત દ્વારા કોમ્યુનિટી શેડનું ખાતમુહૂર્ત



વડનગર, તા.૨૪

વડનગર ગામે અંબુજા ફાઉન્ડેશન અને ગ્રામ પંચાયત દ્વારા રામાપીર આશ્રમ ગ્રાઉન્ડમાં કોમ્યુનિટી શેડનું મંગળવારે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ ખાતમુહૂર્ત ગામના સરપંચ પુષ્પાબેન ભાણજીભાઈ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં અંબુજા ફાઉન્ડેશનના રીઝનલ હેડ દલસુખ વઘાસીયા, પંચાયતના સભ્યો અને સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વડનગર ગામમાં કોમ્યુનિટી હોલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે, પરંતુ ગામની મોટી વસ્તીના લીધે લોકોને સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો સાચવવા માટે જગ્યા વધારવાની જરૂરિયાત ઊભી થઈ હતી. પંચાયત અને ગામના લોકો દ્વારા આ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ફાઉન્ડેશનને રજૂઆત કરવામાં આવી. ત્યારબાદ ફાઉન્ડેશનના સહયોગથી કોમ્યુનિટી શેડના નિર્માણની કામગીરી શરૂ કરવાનો નિર્ણય લીધો. આ શેડનો ઉપયોગ વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે થઈ શકશે.

# ઉનાના જુડવડલી ગામે અજગરે ઘેંટાનો શિકાર કરી મોતને ઘાટ ઉતાર્યો



ઉના, તા.૨૪

ઉનાનાં જુડવડલી ગામ નજીક આવેલ ૬૬ કેવી પાસે મહાકાય અજગર આવી ચઢ્યો હતો અને ત્યાં ઘેટા ચરતા હોય અજગરે તેના પર હુમલો કરી શિકાર કરતા એકને મોતને ઘાટ ઉતારી દીધું હતું. જે સમગ્ર ઘટના ત્યાંના સ્થાનિક લોકોની નજરે પડતા તેઓ ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આ અજગરને મહામુસીબતે પકડી પાડી અને જંગલમાં દૂર સલામત સ્થળે ખસેડવામાં આવ્યો હતો.

# ઉનામાં રૂ.૧૮ લાખના દારૂના ગુનામાં પકડાયેલ બે બુટલેગરોને પાસા હેઠળ જેલહવાલે કરાયા





ઉના, તા.૨૪

ઉનામાં દારૂના ગુનામાં સંડોવાયેલા બે શખ્સો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. જે પૈકી એક શખ્સને મધ્યસ્થ જેલ વડોદરા અને બીજાને સુરત જેલના હવાલે કરવામાં આવ્યો હતો. જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે ગેરકાયદેસર દારૂની હેરાફેરી જેવી અસામાજિક પ્રવૃત્તિ આચરતા શખ્સો જશુભાઈ દડુભાઈ ગોહિલ, રહે. સનખડા અને માનભાઈ ભીખાભાઈ ભાલીયા, રહે. વાવરડા, બન્ને શખ્સો સામે ઉના પોલીસમાં ગુના નોંધાયેલા હતા. તેઓ કિં.રૂ.૧૭,૮૦,૮૦૦નો ભારતીય બનાવટનો દારૂ-બિયરનો મોટા પ્રમાણમાં મુદામાલ કબ્જામાં રાખીને હેરફેર કરતા પકડાયા હતા. આ શખ્સો ભવિષ્યમાં પણ આવી ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખીને જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ થશે તેને ધ્યાનમાં રાખીને ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટએ પાસા ધારા તળે અટકાયત કરવા હુકમ કરતા જશુ દડુ ગોહિલને મધ્યસ્થ જેલ, વડોદરા તથા માન ભીખા ભાલીયાને મધ્યસ્થ જેલ, સુરતના હવાલે કરવામાં આવ્યા હતા.

# ધોરાજીના ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહની દયનીય હાલત: છેલ્લા ત્રણ માસથી બંધ



તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજી, તા.૨૪

ધોરાજી નગરપાલિકા સંચાલિત ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહ છેલ્લા ત્રણ મહિનાથી બંધ હાલતમાં પડ્યું છે. પાલિકા તંત્રની બેદરકારીને કારણે મશીનરી અને હાઈડ્રોલિક સિસ્ટમમાં મરામતની જરૂરિયાત ઊભી થઈ છે. ધોરાજીમાં પહેલા લાકડાથી અંતિમવિધિ કરવામાં આવતી હતી, ત્યારબાદ એ જ પરિસરમાં નવું ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહ શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ યોગ્ય જાળવણીના અભાવે છેલ્લા ત્રણ માસથી સંપૂર્ણપણે બંધ હોવાથી લોકોને ફરજિયાતપણે લાકડા દ્વારા અંતિમવિધિ કરવી પડે છે. વરસાદી માહોલમાં લાકડા ભીંજાઈ જવાથી કેટલાક મૃતદેહોની અંતિમવિધિ ટાયર અને કેરોસીનથી કરવી પડી હોવાની ફરિયાદો પણ ઊઠી છે. લોકોમાં પ્રશ્ન ઊઠી રહ્યો છે કે જ્યારે નિ:સ્વાર્થ ભાવે ખંઢેર જેવા સ્મશાનને બગીચા સમાન બનાવી શકાતું હોય, તો પછી નગરપાલિકા પોતાની જવાબદારી નિભાવી ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહની સારસંભાળ રાખવામાં કેમ નિષ્ફળ રહે છે?

## -//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૪૨/૨૦૨૪

**અરજદાર** :- શ્રી જયસુખભાઈ કેશવભાઈ ઉર્ફે કેશુભાઈ ડોબરિયા
રહે. જાળીયા, તા. જિ. અમરેલી.

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.જાળીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી તાલુકાના જાળીયા ગામના જયસુખભાઈ કેશવભાઈ ઉર્ફે કેશુભાઈ ડોબરિયા તેઓના માતૃશ્રી શાંતાબેન કેશવભાઈ ડોબરીયાની મરણ તા.૨૭/૦૮/૨૦૧૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૫૪/૨૪ તા.૨૬/૦૯/૨૦૨૪

**વિવાદી-** શ્રી માવજીભાઈ દેવશીભાઈ વોરા, રહે.બાંભણીયા, તા.કુંકાવાવ-વડીયા, જિ.અમરેલી. (મો.નં. ૯૬૨૪૯ ૬૬૮૭૧)

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત નડાળા, બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **વડીયા** તાલુકાના **મોજે.બાંભણીયા** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **પુત્રી રેખાબેન માવજીભાઈ વોરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭ના રોજ મોજે.નડાળા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની** નોંધ કરાવેલ ન હોય /જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં **તા.૧૨/૦૯/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**બાબરા**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

**જાહેર નોટીસ**

**કેસ.નં.જન્મ-મરણ/૨૩/૨૦૨૪**

શ્રી વલ્લભભાઈ સમજુભાઈ રાંક
મું. છોડવડી, તા.ભેંસાણ, જિ. જુનાગઢ .....વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી,
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી વલ્લભભાઈ સમજુભાઈ રાંક દ્વારા તેમના માતાશ્રી જમનાબેન સમજુભાઈ રાંકનું અવસાન તા.૧૩/૦૭/૨૦૧૫ ના રોજ ગામ મોજે:છોડવડી,તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના માતાશ્રીની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી છોડવડી,તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪મી માહે ઓકટો. સને: ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને**
**એકઝીકયુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેસાણ**

## મામલતદાર અને એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ

**જાહેર નોટીસ**

**કેસ.નં.જન્મ-મરણ/૨૨/૨૦૨૪**

શ્રી સુમિતાબેન કાનજીભાઈ મોવલીયા
વા/ઓ કલ્પેશકુમાર બાબુલાલ હિરપરા
જીન પ્લોટ, મનિષ કેબલ પાસે, મું.ધોરાજી, જિ.રાજકોટ-૩૬૦૪૧૦ .....વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - રાણપુર,
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સુમિતાબેન કાનજીભાઈ મોવલીયા દ્વારા તેમનો જન્મ તા.૨૪/૦૯/૧૯૭૭ના રોજ મોજે:રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી-રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૪મી માહે ઓકટો.સને: ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને**
**એકઝીકયુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેસાણ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૦૪ /૨૦૨૪

અરજદાર: શ્રી મકવાણા મંગાભાઈ ભાણાભાઈ
સરનામુ: મું.કાતર તા રાજુલા જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી,હેમાળ
મું. હેમાળ તા. જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના હેમાળ** ગામના શ્રી **મકવાણા મંગાભાઈ ભાણાભાઈ** એ તેમના **ભાણેજ નામે શ્રી ભીખાભાઈ ખોડાભાઈ જેઠવા નો જન્મ** તા.૧૧/૧૨/૧૯૯૧ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ડી.એમ.નાગર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે .સપ્ટેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૫/૦૯/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## મહે. તાલુકા એકઝીકયુટીવ મેજી. સાહેબની કોર્ટમાં, મું.રાજુલા

પર.અ.નં.૪૨૭/૨૪
જન્મ / મરણ અરજી નબર/ /૨૦૨૪

(૧) જીવુબેન સાદુળભાઈ લાખણોત્રા, ઉ.વ.પુખ્ત
ધર્મે-હિન્દુ, ધંધો-ઘરકામ, રહે.કોવાયા, તા.રાજુલા, જી.અમરેલી
મો.૯૮૨૪૨૨૦૫૯૦ અરજદાર.

**વિરૂધ્ધ**

(૧) તલાટી કમ મંત્રીશ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
મુ.કોવાયા, તા.રાજુલા, જી.અમરેલી સામાવાળા.

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાના કોવાયા ગામના શ્રી જીવુબેન સાદુળભાઈ લાખણોત્રાએ તેમના પુત્ર નામે ભોળાભાઈ સાદુળભાઈ લાખણોત્રાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ ના રોજ મોજે કોવાયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જયસુખ કે. મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હરકત સરખુ હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો,તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮ માહે ૧૦ સને-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા**
**તા. ૦૮/૧૦/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મું.રાજુલા

જન્મ/મરણ અરજી નંબર/ ૨૩૦/૨૦૨૪

અરજદાર :- શ્રી મીનાબેન દિનેશભાઈ બાંભણીયા,
સરનામુ :- રહે. જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફીસરશ્રી,
નગરપાલિકા, રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ **તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી **મીનાબેન દિનેશભાઈ બાંભણીયા ના પુત્ર શ્રી બાંભણીયા કેદાર દિનેશભાઈ નો જન્મ તા.૨૬/૦૪/૨૦૨૩ ના** રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વા.એમ.ગોહિલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૭, માહે ઓગષ્ટ સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા**
**તા. ૧૭/૦૮/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મું.રાજુલા

જન્મ/ મરણ અરજી નંબર/ ૩૮૭/૨૦૨૪

અરજદાર :- શ્રી પોપટભાઈ દાનાભાઈ જીંજાળા,
સરનામુ :- રહે.રાભડા, તા.રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટર અને તલાટી કમ મંત્રીશ્રી,
રાભડા, તા. રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાભડા ગામના શ્રી પોપટભાઈ દાનાભાઈ જીંજાળાએ તેમના (૧) દાદા સ્વ.શ્રી હમીરભાઈ લાખાભાઈ જીંજાળાનું મરણ તા.૨૦/૧૦/૧૯૮૨ ના રોજ તથા (૨) દાદી સ્વ.શ્રી જીવીબેન હમીરભાઈ જીંજાળાનું મરણ તા.૦૭/૦૭/૨૦૦૧ ના રોજ રાભડા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી પ્રવિણભાઈ એમ.કાતરીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે.સપ્ટેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટમાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા**
**તા. ૧૧/૦૯/૨૦૨૪**

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**સૌથી ખરાબ હાલત આનંદ વિહાર અને જહાંગીરપુરીની છે**

# દિલ્હીનો સરેરાશ એકયુઆઈ ૩૪૦ પર પહોંચ્યો, લોકોને શ્વાસ લેવામાં ભારે તકલીફ

નવીદિલ્હી,તા.૨૪

દેશની રાજધાની દિલ્હીમાં લોકોનો શ્વાસ રૂંધાઈ રહ્યો છે. અહીંની હવા સતત ઝેરી બની રહી છે. દિલ્હીનો સરેરાશ એકયુઆઈ ૩૪૦ પર પહોંચ્યો હતો. સામાન્ય સંજોગોમાં તે ૫૦ની આસપાસ રહે છે. એકયુઆઈ ૫૦ થી વધુ વાળી હવા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એકયુઆઈ ૩૦૦ વાળી હવા ખૂબ જોખમી છે. જેના કારણે લોકોને ગંભીર બીમારીઓ થઈ શકે છે. ડૉક્ટરો એવી હવામાં ન રહેવાનું અને ઓછું કામ કરવાની સલાહ આપે છે. સૌથી ખરાબ હાલત આનંદ વિહાર અને જહાંગીરપુરીની છે. આ બંને સ્થળોનો એકયુઆઈ ૪૦૦ પર પહોંચી ગયો છે. દરમિયાન કૃત્રિમ વરસાદની માંગ ઉઠી છે. જ્યારે વરસાદ પડશે ત્યારે હવા



સ્વચ્છ બનશે અને દિલ્હીનું પ્રદૂષણ ઘટશે. દિલ્હીના સૌથી પ્રદૂષિત વિસ્તારો આનંદ વિહાર ૪૦૦, જહાંગીરપુરી ૪૦૦, બાવાના ૩૮૫, વજીપુર ૩૭૮, રોહિણી ૩૭૭, મુંડકા ૩ ૭૨, સોનિયા વિહાર ૩૭૦, વિવેક વિહાર ૩૬૮, આરકે પુરમ ૩૬૭, બુરારી ૩૫૬, દ્વારકા ૩૫૩, પ્રતાપગઢ ૩૫૧, નજફગઢ ૩૫૦, અશોક વિહાર ૩૪૮, ટેમ્પલ રોડ ૩૪૭, સિરી ફોર્ટ ૩૪૦, શ્રી અરવિંદો માર્ગ ૩૩૬, આઈજીઆઈ ૩૩૧, આઈટીઓ ૩૩૦, ઓખલા ૩૨૮ રહ્યું છે.

# ૧૧ વર્ષની બાળકીની છેડતી બાદ મણિપુરમાં ફરી તણાવ, તુઈબોંગમાં કર્ફ્યુ વચ્ચે હિંસા

**પરિવારે ફરિયાદ નોંધાવ્યા બાદ આરોપી દુકાન માલિકની ધરપકડ**

(એ.આર.એલ),ઈમ્ફાલ,તા.૨૪

મણિપુરના ચુરાચંદપુર જિલ્લાના તુઈબોંગ સબ-ડિવિઝનમાં બહારના વ્યક્તિ દ્વારા ૧૧ વર્ષની બાળકીની કથિત છેડતીની ઘટના બાદ તણાવ પ્રવર્તે છે. અધિકારીઓએ આ જાણકારી આપી. ઘટનાના વિરોધમાં બુધવારે બંધનું એલાન આપવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્થિતિ બગડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ સબ-ડિવિઝનમાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હતા. પ્રતિબંધિત આદેશ હેઠળ, ૫ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કુકી-જોમી ગ્રામ સ્વયંસેવકો દ્વારા બોલાવવામાં આવેલા બંધને કારણે



બજારો, દુકાનો, શાળાઓ બંધ રહી હતી અને વાહનો રસ્તાઓથી દૂર રહ્યા હતા. બંધ સમર્થકોએ તુઈબોંગ માર્કેટમાં રસ્તાની વચ્ચે જૂના ટાયર સહિત કચરાના ઢગલા સળગાવી દીધા હતા. પોલીસે જણાવ્યું કે છોકરીના પરિવારે ૨૧ ઓક્ટોબરે ફરિયાદ નોંધાવ્યા બાદ આરોપી દુકાન માલિકની ધરપકડ કરવામાં આવી હતી અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

# બારામુલ્લા જિલ્લાની અદાલતમાં વિસ્ફોટ, સુરક્ષા જવાન ઘાયલ

શ્રીનગર, તા.૨૪



જમ્મુ કાશ્મીરમાં ચાલુ રહેલા ત્રાસવાદી હુમલામાં આજે બારામુલ્લા જિલ્લાની એક અદાલતમાં વીટનેસ બોક્સ નજીક વિસ્ફોટ થયો હતો જેમાં એક સુરક્ષા જવાન ઘાયલ થયો છે. આ વિસ્ફોટના કારણે કોર્ટમાં અફડાતફડી ફેલાઈ ગઈ હતી. છેક અદાલતની અંદર વિટનેસ બોક્સ સુધી બોમ્બ મુકવાની હિંમત કોણે કરી તે અંગે તપાસ ચાલુ છે. તો બીજી તરફ ઘાયલ જવાનની હાલત ગંભીર હોવાનું માનવામાં આવે છે. કાશ્મીરમાં ગઈકાલે ટાર્ગેટ કિલિંગમાં એક બિન કાશ્મીરી મજૂરની હત્યા કરવાનો પ્રયાસ થયો હતો.

# સ્વચ્છ હવા એ દેશના લોકોનો મૂળભૂત અધિકાર : સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૪

પ્રદૂષણ મુદ્દે આજે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આડે હાથે લેતા પરાળી સળગાવનારા સામે શા માટે આકરા પગલા લેવાતા નથી તે પ્રશ્ન પૂછ્યો હતો. ગઈકાલે જ સર્વોચ્ચ અદાલતે બંને રાજ્ય સરકારોની આકરી ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તમો કારણ રજૂ કરતા રહો અમે સુનાવણી કરતા રહીએ અને



પ્રદૂષણ વધતું રહેશે. રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે સંકલન નહીં હોવા અંગે સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે, પ્રદૂષણ વધવા પાછળ મુખ્ય આ કારણ જ જવાબદાર છે અને તમામ સંબંધીત પક્ષો છેતરામણી રજૂઆત કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અભય ઓકાના વડપણ હેઠળની ખંડપીઠે જણાવ્યું હતું કે સ્વચ્છ હવા એ દેશના લોકોનો મૂળભૂત અધિકાર છે અને તે બંધારણીય કલમ ૨૧માં દર્શાવાયું છે. પ્રદૂષણ મુક્ત વાતાવરણ એ દરેક નાગરિકોને ઉપલબ્ધ થવું જોઈએ. આ ફક્ત કાયદાના અમલનો જ પ્રશ્ન નથી પરંતુ

**સ્વચ્છ હવા આપવામાં રાજ્ય સરકારો ઉણી ઉતરી**

સરકારે લોકોના અધિકારોનું રક્ષણ કરવાનું છે. પરંતુ સરકારો તેમાં ઉણી ઉતરી રહી છે. સર્વોચ્ચ અદાલતે ગઈકાલે કહ્યું હતું કે ફક્ત સુપ્રીમમાં સુનાવણીથી પ્રદૂષણ ઘટશે નહીં પરંતુ સરકારોએ સાથે રહી નક્કર કામગીરી કરવાની રહેશે.

# આરએસએસના સર્વેમાં ભાજપ-શિવસેના-એનસીપીને ૧૬૦ બેઠકો મળવાનો દાવો

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૪

વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મહાયુતિના ઘટક પક્ષોએ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. મહાવિકાસ અઘાડીમાં સીટ શેર પર બાધા આવી છે. શિવસેના યુબીટીએ પણ તેના ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડી છે. આ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો આંતરિક સર્વે બહાર આવ્યો છે જેમાં મહાયુતિને ૧૬૦ બેઠકો મળવાનો દાવો કરવામાં આવ્યો છે. સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ભાજપ-શિવસેના-એનસીપીનું ભગવા ગઠબંધન લોકસભા ચૂંટણીમાં મળેલા આંચકામાંથી બહાર આવ્યું છે અને વિધાનસભા ચૂંટણીમાં મોટી જીત નોંધાવશે. આરએસએસ સાથે જોડાયેલા એક વ્યક્તિનું કહેવું છે કે વાતાવરણ જાણવા માટે ચૂંટણી પહેલા સંઘ ગુપ્ત રીતે આંતરિક સર્વે કરાવે છે. તે સર્વે રિપોર્ટના આધારે ભાજપની ચૂંટણીની રણનીતિ બનાવવામાં આવે છે અને વસ્તીને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે. ઓક્ટોબરના બીજા સપ્તાહમાં સંઘે તેની ચેનલ દ્વારા મહારાષ્ટ્રની તમામ ૨૮૮ સીટો પર સર્વે કર્યો હતો. તે સર્વે મુજબ મહાયુતિ ૧૬૦ સીટો જીતવા તરફ આગળ વધી રહી છે.

**પરીક્ષા ક્યારે, કયા દિવસે, કયા વિષયોની લેવાશે તે અંગે કોઈ માહિતી જાહેર કરાઈ નથી**

# સીબીએસઈ ધો. ૧૦-૧૨ની પરીક્ષા માટેની તારીખો જાહેર

ન્યુ દિલ્હી,તા.૨૪

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ અને થિયરી પરીક્ષાની તારીખોની જાહેરાત કરી છે. સીબીએસઈના જણાવ્યા મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ધો.૧૦ અને ધોરણ-૧૨ની પ્રેક્ટિકલ પરીક્ષા પહેલી જાન્યુઆરીથી જ્યારે થિયરી




પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી લેવામાં આવશે. જોકે, પરીક્ષા ક્યારે, કયા દિવસે, કયા વિષયોની લેવાશે તે અંગે કોઈ માહિતી જાહેર કરાઈ નથી. આ માટે વિદ્યાર્થીઓએ ધો.૧૦-૧૨ની ડેટશીટ જાહેર થવાની રાહ જોવી પડશે. ઉલ્લેખનીય છે કે, શિયાળાની શાળાઓ માટે CBSE પ્રેક્ટિકલ પરીક્ષાઓ પાંચમી નવેમ્બરથી પાંચમી ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે યોજાશે. આ માહિતી બોર્ડ દ્વારા પહેલાથી જ અપાઈ હતી. આ પછી હવે બોર્ડે અન્ય શાળાઓની પ્રેક્ટિકલ પરીક્ષાની તારીખ જાહેર કરી છે.

# સેબીના વડા માધબી પુરી બુચની ગેરહાજરી, PACની બેઠક સ્થગિત

ન્યુ દિલ્હી,તા.૨૪

SEBI ના વડા માધબી પુરી બુચની ગેરહાજરીના કારણે સંસદની પબ્લિક એકાઉન્ટ કમિટી (PAC)ની બેઠક સ્થગિત કરી દેવામાં આવી છે. PAC ના હેડ કેસી વેણુગોપાલે આ અંગે જાણકારી આપી હતી કે, માધબી પુરી બુચની ગેરહાજરીના કારણે કમિટીની આજની બેઠક સ્થગિત કરી દેવામાં આવી છે. PAC ની પ્રથમ બેઠકમાં નિર્ણય લેવામાં



આવ્યો હતો કે, પહેલા વિષય રૂપે અમે રેગ્યુલેટરી સંસ્થાઓની સમીક્ષા કરીશું. જેના ભાગરૂપે આજે આયોજિત બેઠકમાં સેબીના વડાને સમીક્ષા માટે બોલાવવામાં આવ્યા હતા. વેણુગોપાલે જણાવ્યું હતું કે, કમિટીની આ સમીક્ષામાં સેબીના વડાએ ઉપસ્થિતિમાં છૂટ આપવાની માંગ કરી હતી. પરંતુ અમે તેનો ઈનકાર કર્યો હતો. બાદમાં ખાતરી કરવામાં આવી હતી કે, તે કમિટી સમક્ષ હાજર રહેશે. આજે સાડા નવ વાગ્યે સેબીના વડા અને સેબીના અન્ય સભ્યોએ અમને સૂચના આપી કે, અંગત કારણોસર તે દિલ્હીની યાત્રા કરી શકશે નહીં.

# ભાજપે જેને પાર્ટીમાંથી હાંકી કાઢી, તે પૂર્વ ધારાસભ્ય સતકર કૌર ૧૦૦ ગ્રામ હેરોઈન સાથે ઝડપાઈ

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૨૪

ભારતીય જનતા પાર્ટી દ્વારા ફિરોઝપુર દેહાતના પૂર્વ ધારાસભ્ય સતકર કૌરને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. સતકર કૌરની બુધવારે મોહાલીના ખરાર પાસે ૧૦૦ ગ્રામ હેરોઈન સપ્લાય કરતી વખતે ધરપકડ કરવામાં આવી હતી. નાર્કોટિક્સ વિભાગની ટીમે ગુપ્ત બાતમીના આધારે ખારકના સની એન્કલેવની માર્કેટમાં છટકું ગોઠવીને તેની ધરપકડ કરી હતી. પૂર્વ ધારાસભ્ય સતકર કૌરની ધરપકડ કર્યા બાદ પોલીસે ખરાર સન્ની એન્કલેવમાં તેના ઘરની તલાશી લીધી હતી. પોલીસને ત્યાંથી ૨૮ ગ્રામ પાઉડર ખસખસ મળી આવ્યો હતો. આ ઉપરાંત ૧ લાખ ૫૬ હજાર રૂપિયાની રોકડ પણ મળી આવી હતી. આ પૈસા નાના પેકેટમાં રાખવામાં આવ્યા હતા. તેને જોતા સ્પષ્ટ થયું કે તે ડ્રગ મની હતા કારણ કે તેમાં ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાના પેકેટ હતા. દુકાનમાંથી થોડું સોનું પણ મળી આવ્યું છે. હાલમાં, પૂર્વ ધારાસભ્ય અને તેમના ડ્રાઈવર વિરુદ્ધ મોહાલીના એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. સતકર કૌર કોંગ્રેસ છોડીને ૨૦૨૨માં ભાજપમાં જોડાઈ હતી.



# હરિયાણામાં કોંગ્રેસનો પ્રાથમિક રિપોર્ટ તૈયાર, હાર માટે બંને જૂથો જવાબદાર

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૨૪

વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ કારણો જાણવા માટે રચાયેલી કોંગ્રેસ ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીનો પ્રાથમિક રિપોર્ટ તૈયાર થઈ ગયો છે. પ્રાથમિક અહેવાલમાં સમિતિએ હાર માટે હુડ્ડા-સૈલજા બંને જૂથોને જવાબદાર ઠેરવ્યા છે. આ ઉપરાંત સંગઠનનો અભાવ પણ હારનું કારણ હતું. જો કે કમિટીએ હજુ અંતિમ રિપોર્ટ તૈયાર કર્યો નથી. અંતિમ અહેવાલ પહેલા સમિતિ હરિયાણાના વરિષ્ઠ નેતાઓ સાથે પણ બેઠક કરશે. કોંગ્રેસ હાઈકમાન્ડે હારના કારણો જાણવા માટે છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ અને હરીશ કુમારીની એક સમિતિની રચના કરી છે. ખુદ રાહુલ ગાંધીએ વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજીને હાર માટે નેતાઓના અંગત હિતોને જવાબદાર ઠેરવ્યા છે. સમિતિના સભ્યોએ તાજેતરમાં પરાજિત ઉમેદવારો સાથે ઓનલાઈન બેઠક યોજી હતી અને દરેક વિધાનસભામાં તેમની હારના કારણોની તપાસ કરી હતી.

# અમેરિકા હોય કે ચીન, કોઈપણ દેશ ભારતની અવગણના કરી શકે નહીં : નિર્મલા સીતારમણ

**નાણામંત્રીએ સેન્ટર ફોર ગ્લોબલ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો**

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૪

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અમેરિકાના પ્રવાસે છે. અમેરિકામાં એક કાર્યક્રમ દરમિયાન નાણામંત્રીએ વિશ્વમાં ભારતનું મહત્વ સમજાવ્યું અને કહ્યું કે વિશ્વનો કોઈ દેશ ભારતને અવગણી



શકે નહીં. નિર્મલા સીતારમણ વિશ્વ બેંકની વાર્ષિક બેઠકમાં ભાગ લેવા માટે અમેરિકામાં છે. આ ઉપરાંત નાણામંત્રીએ સેન્ટર ફોર ગ્લોબલ ડેવલપમેન્ટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં નાણામંત્રીએ કહ્યું કે પીએમ મોદી કહે છે કે ભારતની પ્રાથમિકતા પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાની નથી. આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી છીએ. વિશ્વમાં આપણી પાસે સૌથી વધુ વસ્તી છે. આજે વિશ્વમાં દરેક છઠ્ઠો વ્યક્તિ ભારતીય છે. આવી સ્થિતિમાં અમેરિકા દૂર છે કે ચીન નજીક છે તેનાથી કોઈ ફરક પડતો નથી કારણ કે કોઈપણ દેશ ભારત અને ભારતની અર્થવ્યવસ્થાને અવગણી શકે નહીં.

# બહરાઈચ હિંસા કેસમાં જવાબ દાખલ ન કરવા બદલ હાઈકોર્ટે યુપી સરકારને ફટકાર લગાવી

(એ.આર.એલ),લખનૌ,તા.૨૪

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે બહરાઈચ જિલ્લામાં ડિમોલિશન નોટિસ જારી કરવાના મામલે રવિવારે આપવામાં આવેલા સ્પષ્ટ નિર્દેશો છતાં હજુ સુધી વિગતવાર જવાબ દાખલ ન કરવા બદલ રાજ્ય સરકારને ફટકાર લગાવી હતી. ખંડપીઠે નારાજગી વ્યક્ત કરી હતી કે શું રાજ્ય સત્તાવાળાઓ આદેશની ભાવનાને સમજવામાં નિષ્ફળ ગયા છે. બેંચનું માનવું હતું કે તેણે ચીફ સ્ટેન્ડિંગ કાઉન્સેલ (સીએસસી) શૈલેન્દ્ર સિંહને રસ્તા પર લાગુ થતી શ્રેણી અને માપદંડો અંગેની તમામ સૂચનાઓ મેળવવા કહ્યું હતું, પરંતુ પીઆઈએલની જાળવણી પર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, બેન્ચે CSCને કોર્ટ રજિસ્ટ્રીમાં પીઆઈએલની જાળવણી (સાંભળવાની ક્ષમતા) પર વાંધો દાખલ કરવા કહ્યું અને સુનાવણી ૪ નવેમ્બર સુધી મુલતવી રાખી. જસ્ટિસ એ આર મસૂદી અને જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીની બેન્ચે એસોસિએશન ફોર પ્રોટેક્શન ઑફ સિવિલ રાઈટ્સ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલ પર આ આદેશ આપ્યો હતો. પીઆઈએલની સુનાવણી કરતા રવિવારે વિશેષ બેન્ચે અસરગ્રસ્ત લોકોને નોટિસનો જવાબ આપવા માટે જાહેર બાંધકામ વિભાગ દ્વારા આપવામાં આવેલ ત્રણ દિવસનો સમય ૧૫ દિવસ સુધી લંબાવ્યો હતો.



# ઉત્તર કોરિયાએ તેના સૈનિકો રશિયા મોકલ્યા હોવાના અમારી પાસે પુરાવા : અમેરિકા

(એ.આર.એલ),સિયોલ,તા.૨૪

અમેરિકાના રક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને દાવો કર્યો છે કે તેમની પાસે ઉત્તર કોરિયા દ્વારા રશિયામાં સૈનિકો મોકલવાના સંપૂર્ણ પુરાવા છે. ઓસ્ટીને કહ્યું કે અમારી પાસે પુરેપુરો પુરાવો છે કે ઉત્તર કોરિયાએ તેના સૈનિકો રશિયા મોકલ્યા છે. બીજી બાજુ, દક્ષિણ કોરિયાના ગુપ્તચર વડાએ ધારાસભ્યોને જણાવ્યું કે ઉત્તર કોરિયાના ત્રણ હજાર સૈનિકો રશિયામાં છે, જેમને યુક્રેનના યુદ્ધના મેદાનમાં તૈનાત કરતા પહેલા ડ્રોન



અને અન્ય ઉપકરણો ચલાવવાની તાલીમ આપવામાં આવી રહી છે. આ સિવાય વોશિંગ્ટન પોસ્ટ અખબાર દ્વારા પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયો અનુસાર, ઓસ્ટીને બુધવારે પત્રકારોને કહ્યું, "તેઓ ખરેખર શું કરી રહ્યા છે? આ જોવાનું બાકી છે. આ એવી બાબતો છે જેને આપણે ઉકેલવાની જરૂર છે." તેમણે કહ્યું કે જો ઉત્તર કોરિયાના સૈનિકો રશિયા વતી યુક્રેન યુદ્ધમાં સામેલ થશે, તો તે "ખૂબ જ ગંભીર મુદ્દો" હશે અને યુરોપ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પર તેની અસર પડશે. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ સૌથી પહેલા અહેવાલ જાહેર કર્યો હતો કે રશિયન નૌકાદળે ગયા અઠવાડિયે ઉત્તર કોરિયાના ૧,૫૦૦ વિશેષ દળોને રશિયા પહોંચાડ્યા હતા.

# ન્યૂઝીલેન્ડ બીજી ટેસ્ટમાં ૨૫૯માં ઓલઆઉટ, સુંદરે ૭ વિકેટ લીધી

પુણે,તા.૨૪

ભારતે ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટના પહેલા દિવસની રમતના અંતે ૧ વિકેટના નુકસાને ૧૬ રન બનાવ્યા હતા. પુણે ટેસ્ટના ત્રીજા સેશનમાં ન્યૂઝીલેન્ડની ટીમ પહેલી ઈનિંગમાં ૨૫૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુરુવારે મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા ફરી નિષ્ફળ ગયો હતો. તે ઝીરો પર આઉટ થયો હતો. તેને ટિમ સાઉથીએ બોલ્ડ કર્યો હતો. દિવસના અંતે ભારત તરફથી યશસ્વી જયસ્વાલ



(૬ રન) અને શુભમન ગિલ (૧૦ રન) અણનમ પરત ફર્યા હતા. સ્પિનરોએ પહેલી ઈનિંગમાં ભારત તરફથી ૧૦ વિકેટ લીધી હતી. ૩ વર્ષ બાદ ટેસ્ટ ટીમમાં કમબેક કરનાર વોશિંગ્ટન સુંદરે સૌથી વધુ ૭ વિકેટ લીધી હતી. આ પહેલાં સુંદરે માર્ચ ૨૦૨૧માં ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચ રમી હતી, જ્યારે રવિચંદ્રન અશ્વિને ૩ વિકેટ લીધી હતી.

**કારનું ટાયર ફાટી જતા કાર બેકાબૂ બની ડિવાઈડર સાથે અથડાઈ**

# લીમખેડાના પરિવારને રાજસ્થાનમાં અકસ્માત નડ્યો, એક જ પરિવારના પાંચ લોકોના મોત

દાહોદ,તા.૨૪



દાહોદથી રાજસ્થાનમાં વતન જવા નીકળેલા એક જ પરિવારના ૬ સભ્યોને અકસ્માત નડ્યો હતો. જેમાં બાળક સહિત ૫ લોકોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા અને ૧ મહિલાને હાલ ગંભીર હાલતમાં નજીકની હોસ્પિટલ દાખલ કરાઈ હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. દાહોદના લીમખેડામાં રહેતો પરિવાર પોતાના માદરે વતન રાજસ્થાનના જોધપુર જવા નીકળ્યો હતો. ત્યારે સિરોહીના સરનેશ્વર પુલિયા અને સરનેશ્વર મંદિર વચ્ચે કારનું ટાયર ફાટી જતા કાર બેકાબૂ બની ડિવાઈડર સાથે અથડાઈ હતી અને કાર નાળામાં પડી ગઈ હતી અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો તેમ પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. અકસ્માત થતા સ્થાનિકોએ ઘટના સ્થળે પહોંચી લોકોને કારમાંથી બહાર કાઢ્યા હતા. લોકોએ પોલીસને અને એમ્બ્યુલન્સને ઘટનાની જાણ કરતા બચાવ કામગીરી હાથ ધરી હતી.

**શાળાઓએ ૧૫ દિવસ પહેલાં જ સંબંધિત અધિકારીઓને જાણ કરવી પડશે**

# રાજ્ય સરકારે શાળાઓ માટે શૈક્ષણિક પ્રવાસની નવી માર્ગદર્શિકા જાહેર કરી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૪



હરણી બોટ દુર્ઘટના બાદ શાળાઓના શૈક્ષણિક પ્રવાસો પર રોક લગાવાઈ હતી અને શિક્ષણ વિભાગે કડક પગલાં લેતાં તમામ પ્રકારના શૈક્ષણિક પ્રવાસો માટે મંજૂરી વગર બહાર જવાનો પ્રતિબંધ મૂક્યો હતો. આ અનિચ્છનીય ઘટના બાદ, વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે શૈક્ષણિક પ્રવાસો માટે નવા નિયમો ઘડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ માર્ગદર્શિકા પર મહોર લાગી ગઈ છે જેથી શાળાઓ કાયદેસરની પદ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓના પ્રવાસનું આયોજન કરી શકે. રાજ્ય સરકારે આજે નવી ટૂર ગાઈડલાઈન જાહેર કરી હતી. જેમાં શાળાઓના પ્રવાસો માટે સ્પષ્ટ અને કડક નિયમો લગાવવામાં આવ્યા હતા. આ માર્ગદર્શિકાનું મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, શાળાઓને શૈક્ષણિક પ્રવાસો માટે સમયસર સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવે અને વિદ્યાર્થીઓની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવે. શૈક્ષણિક હેતુ માટેના કોઈપણ પ્રવાસ માટે શાળાઓએ ૧૫ દિવસ પહેલાં જ સંબંધિત અધિકારીઓને જાણ કરવી પડશે.

# અમદાવાદમાં ચીફ જસ્ટિસના નામે ૧.૨૬ કરોડની છેતરપિંડી

અમદાવાદ, તા.૨૪



અમદાવાદ સેટેલાઈટના એક સિનિયર સિટિઝનને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ (CJI)ના નામે બે કરોડનાં ગેરકાયદે ટ્રાન્ઝેક્શન થયાં હોવાનું કહીને ડિજિટલ અરેસ્ટ કરાયા હતા. ત્યાર બાદ સાયબર ગઠિયાઓએ ૧.૨૬ કરોડની છેતરપિંડી કરી હતી. આ કેસમાં સાયબર ક્રાઈમ સેલની ટીમે અમદાવાદના ચાર યુવકની ધરપકડ કરી છે, જેમાં ઝડપાયેલા આરોપીઓ ઓનલાઈન છેતરપિંડી કરતી કંબોડિયાની ગેંગ માટે ગુજરાતમાં મોટેપાયે બેંક એકાઉન્ટ ખોલવાનું કામ કરતા હતા. એના દ્વારા વિદેશમાં ક્રિપ્ટો કરન્સી દ્વારા નાણાં ભારતમાંથી વિદેશમાં પહોંચતા કરવામાં આવતાં હતાં. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલાં જ ડિજિટલ એરેસ્ટની ઘટનામાં તાઈવાનના ચાર ગઠિયાને ઝડપી લેવામાં આવ્યા હતા.

# રાજયમાં ચોમાસાની વિદાય નક્કી, તાપમાનમાં વધારો નોંધાયો

**આવતા મહિનેથી ગુલાબી ઠંડીનો અહેસાસ થશે**

અમદાવાદ,તા.૨૪



સમગ્ર ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં હજુ પણ આગામી ૪ દિવસ વાતાવરણ યથાવત રહેવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હાલમાં ગુજરાત ઉપર ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે તાપમાનમાં વધારો થયો છે. આ ચાર દિવસ દરમિયાન આ પરિસ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં સામાન્ય રીતે શિયાળાની શરૂઆત નવેમ્બર માસથી થતી હોય છે. નવેમ્બર માસ શરૂ થવામાં ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ધીમે ધીમે લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો થશે. પરંતુ હાલ પૂરતા ચાર દિવસો માટે લઘુત્તમ તાપમાન યથાવત રહેવાની શક્યતા છે.

# ત્રીજા ક્રમાંકે રહેવા બદલ ગુજરાતને રાષ્ટ્રીય જળ પુરસ્કાર મળ્યો



ન્યુ દિલ્હી,તા.૨૪

રાજ્યના દરેક ખુણે સ્વચ્છ પાણી ઉપલબ્ધ કરાવવું હંમેશા ગુજરાત સરકારની પ્રાથમિક્તા રહી છે. જેના પરિણામ સ્વરૂપે આજે નવી દિલ્હી ખાતે આયોજીત 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ દ્વારા ગુજરાત અને પુડુચેરીને શ્રેષ્ઠ રાજ્યોની કેટેગરીમાં દેશમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરવા પર સન્માનિત કરવામાં આવ્યા, જે આખા પ્રદેશ માટે ગૌરવની વાત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને જળ સંસાધન મંત્રી કુંવરજી બાવળીયા અને રાજ્યમંત્રી મુકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે ખરેખરમાં 'જળ જ જીવન છે'ના મંત્રને સાકાર કર્યું છે. આ પુરસ્કાર માટે કેન્દ્રીય જળ આયોગ અને મૃદા બોર્ડ દ્વારા આપવામાં આવેલા મૂલ્યાંકન અને મૃદા સત્યાપન બાદ બેસ્ટ કેટેગરીમાં ઓડિશા પ્રથમ સ્થાન, ઉત્તર પ્રદેશ બીજા સ્થાન અને ગુજરાત અને પુડુચેરી ત્રીજા સ્થાને રહ્યા હતા. નવી દિલ્હીમાં આજે આયોજીત 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલની હાજરીમાં ગુજરાત સરકારના જળ સંસાધન વિભાગના સચિવ પી.સી. વ્યાસએ આ પુરસ્કાર સ્વીકાર કર્યો હતો.

# લાઠી તાલુકાનાં માલવીયા પીપરીયા ગામે યુવકની હત્યા

અમરેલી, તા.૨૪



લાઠી તાલુકાનાં માલવીયા પીપરીયા ગામે મારામારીની ઘટનામાં ૩૫ વર્ષીય યુવકની તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરવામાં આવતા ચકચાર મચી જવા પામેલ છે. મતીરાળાથી પીપરીયા આવવાના રસ્તા પર માલધારી સમાજનાં સાંગાભાઈ ગમારા નામના ૩૫ વર્ષીય યુવકને ગૌતમ મકવાણા નામના યુવક સાથે ઝગડો થતાં ગૌતમ મકવાણા નામના યુવકે તલવાર જેવા તિક્ષ્ણ હથિયારથી સાંગાભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે અમરેલી સરકારી હોસ્પિટલે ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જેમાંથી એક આરોપીની ધરપકડ કરાઈ હતી. જયારે બીજો આરોપી ઈજાગ્રસ્ત હોય તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. સાંગાભાઈ ગમારાના મૃતદેહને ભાવનગર ફોરેન્સિક પીએમ માટે ખસેડાયો છે. હત્યાનું કારણ પ્રેમપ્રકરણ હોવાનું લોકમુખે જાણવા મળ્યું છે. સાચી હકીકત તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

# સુરતથી સૌરાષ્ટ્ર આવવા માટે ખાનગી બસ ચાલકોની ઉઘાડી લૂંટ

સુરત,તા.૨૪

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના રહેવાસીઓએ સુરતને કર્મભૂમિ બનાવી દીધી છે. આ સૌરાષ્ટ્રવાસીઓ અને ઉત્તર ગુજરાતવાસીઓ સુરતમાં હીરા અને અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા છે અને રોજગારી મેળવી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. જે મોટી સંખ્યામાં દિવાળી વેકેશનમાં વતન પરત ફરતા હોય છે. સુરતના હીરા ઉદ્યોગની મંદીમાં બેવડ વળી ગયેલા રત્નકલાકારોને લક્ઝરી બસ સંચાલકો લૂંટી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદ ઊઠી છે. લક્ઝરીના ડબલ સોફા બોક્સનો ભાવ ૩૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. ખાસ કરીને વેકેશનમાં વતન જવા માટે થનગની રહેલા રત્નકલાકારોને ડબલ ભાડાં વસૂલી ખંખેરી લેવાનું શરૂ કરી દેવાયું છે. પ્રાપ્ત વિગતો મુજબ, સરકારી બસની અપૂરતી સંખ્યા સામે સુરતથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પેસેન્જરોને લઈ જવા લક્ઝરી બસના સંચાલકો બમણો ભાવ વસૂલી રહ્યા છે.

# ગુજરાત મેડિકલ કાઉન્સિલમાંથી લાયસન્સ લેવું ફરજીયાત કરાયું

અમદાવાદ, તા.૨૪




ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા એક મહત્વની માહિતી જાહેર કરવામાં આવી છે. હવેથી વિદેશમાંથી એમબીબીએસ કરનારા ડોક્ટરોને એમ.ડી. ડિગ્રી મળશે. તેણે ફરજિયાત એમબીબીએસ તરીકે લખવું જોઈએ અને 'ફિઝિશિયન' અથવા ડૉક્ટર ઑફ મેડિસિન નહીં. જો નિયમનું પાલન નહીં થાય તો તેની સામે લાઈસન્સ સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ભારત બહારથી આવતા કેટલાક ડોકટરો (ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ) જેમણે એમબીબીએસ પાસ કર્યું છે, જેમની પાસે દેશની એમબીબીએસ લાયકાતની સમકક્ષ ડિગ્રી છે, તેઓ પોતે એમડી છે. આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ લાયકાત ધારક તરીકે ''ફિઝિશિયન'' અથવા ડોક્ટર ઓફ મેડિસિન લખીને લોકોને ગેરમાર્ગે દોરે છે, તો આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સે માત્ર એમબીબીએસ લખવાનું રહેશે અન્યથા નેશનલ મેડિકલ કમિશન મુજબ તેમનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. ગુજરાત મેડિકલ કાઉન્સિલની નીતિ હેઠળ જરૂરી પગલાં લેવામાં આવશે.






**સૌરાષ્ટ્ર-ગુજરાતના ખૂણે-ખૂણે નર્મદાનું પાણી પહોંચતું કર્યું અને ગ્રામીણ વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું**

# રાજકોટ એરપોર્ટને કેશુભાઈ પટેલનું નામ આપવાની કુર્મી સેનાએ કરી માંગ

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૪



ગુજરાતનાં રાજકીય મોરચે લાંબા સમય બાદ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલને લઈને ચર્ચા જાગી છે. આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાએ આજે એવો વસવસો વ્યક્ત કર્યો હતો કે, સૌરાષ્ટ્ર-ગુજરાતના ખૂણે-ખૂણે નર્મદાનું પાણી પહોંચતું કરવા અને ગ્રામીણ વિકાસમાં મહત્વનું યોગદાન આપનાર, ગુજરાતમાં ભાજપને સત્તા અપાવનાર પાયાના પથ્થર સ્વ. કેશુભાઈ પટેલ આજે ભુલાઈ ગયા છે. ભાજપમાં પણ વિસરાયા છે ત્યારે તેમના યોગદાનનું સામાજિક ઋણ અદા કરવા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટને કેશુભાઈ પટેલનું નામ આપવામાં આવે.કુર્મી સેના દ્વારા આગામી તારીખ ૨૭ ઓકટોબરે રાજકોટના મવડી વિસ્તારમાં સ્વ.કેશુભાઈ પટેલની ચોથી પુણ્યતિથિ નિમિત્તે અંજલિ આપવા એક ખાસ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં કેશુભાઈના પુત્ર ભરતભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહેશે.





